સ્નેહી **કિંજલબેનએ નરેશભાઈ અર્જુનભાઈ રાઠોડ** અને ભારતીબેનના સુપુત્રી છે અને રાયઢગઢ (છ.ગ.)ના વાતની છે. તેમણે ગ્રેજ્યુએશન પૂર્ણ કર્યા બાદ રાજકોટથી હોટેલ મેનેજમેન્ટનો અભ્યાસ કર્યો. બાળપણથી જ રસોઇ બનાવવાનો શોખ જેને તેમણે પોતાના કારકિર્દીમાં સફળતાપૂર્વક પરિવર્તિત કર્યો. શેફ બનવાની તેમની સફળ સરળ નહોતી. આ જર્નીમાં તેમણે ૧૮ થી ૨૦ કલાક સુધી સતત મહેનત કરી, ટીમ મેનેજમેન્ટ સંભાળ્યું અને મેન્યુ એન્જિનિયરીંગ જેવી જવાબદારી નિભાવી. જીવનમાં અનેક ઉતાર-ચઢાવ જોયા. ઘણા ફેમિલી ફંક્શન્સ અને તહેવારો પણ છોડ્યા, કારણ કે જીવનમાં કાંઇક મોટું હાંસલ કરવાની જીદ્દ હતી. આજે તેઓ પોતાના ક્ષેત્રમાં જે મહારથ ધરાવે છે તે તેમના પેશન અને ડેડીકેશનનું પરિણામ છે. તેમણે નેશનલ અને ઇન્ટરનેશનલ લેવલથી અને કુકીંગ સ્પર્ધાઓમાં ભાગ લઇને વિજેતા બની પોતાના નામ સાથે સમાજનું નામ પણ ગૌરવપૂર્ણ બનાવ્યું છે. ખાસ કરીને ''પેસ્ટ્રી ક્વીન કમ્પીટીશન'' જે એક ઇન્ટરનેશનલ લેવલની સ્પર્ધા હતી તેમાં તેઓ વિજેતા રહ્યા છે. તેઓએ પ્રખ્યાત શેફ્સ કુનાલ કપુર અને સંજીવ કપુર સાથે કુકીંગ શોમાં ભાગ લઇને સફળતા મેળવી છે.

કિંજલબેને પ્રતિષ્ઠિત ફાઇવ સ્ટાર લક્ઝરી હોટેલ ધી લીલા ઉદયયપુરમાં ટ્રેનિંગ મેળવી અને હાલમાં ધી લીલા ગાંધીનગરમાં બેકરી અને ચૉકલેટ પેસ્ટ્રી વિભાગમાં શેફ તરીકે સેવા આપી રહ્યા છે. અહીં તેમણે ભારતના વડાપ્રધાન, ગુજરાતના મુખ્યમંત્રી અને કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સિતારમણ જેવી મહાન વ્યક્તિઓને પોતાની ઉત્તમ સેવા આપી છે.

હાલમાં તેમણે ટોપ શેફ બેટલ માં વેગન અને ડેરી ફ્રી મેઇન કોર્ષ બનાવીને સફળતા મેળવી છે. જે તેમની ક્રિએટીવીટી અને કુકીંગ સ્કિલ્સનું ઉત્તમ ઉદાહરણ છે. છેલ્લા પાંચ વર્ષથી તેઓ ઓનલાઇન અને ઓફલાઇન કુકીંગ તથા બેકીંગ ક્લાસીસ લઇ રહ્યા



છે. જેમાં તાલીમ સાથે સર્ટીફીકિટ કોર્સ પણ આપવામાં આવે છે. જે શીખનારાઓને પ્રોફેશનલ રીતે આગળ વધવામાં મદદરૂપ બને છે.

મહિલા ઉત્કર્ષ સમિતિ અને અ.ભા.યુવા મહામંડળના ફેસબુક પેજ પર લાઇવ આવીને વિવિધ વાનગીઓ શીખવાડી છે. જેમ કે ચૉકલેટ બોન બોન વર્ક, પ્લેટેડ ડેઝર્ટ, સુગરકેન સ્ટીક કબાબ, ટાર્ટ અને પનિર કાથી રોલ આ તમામ વાનગીઓ બહેનોને ખુબજ પસંદ આવી અને તેમને ખુબજ પ્રોત્સાહન મળ્યું.

હાલમાં તેઓ ડિજિટલ પ્લેટફોર્મ પર સક્રિય છે. તેમને યુ-ટ્યુબ ચેનલ ''કુકીંગ વીથ શેફ કિંજલ રાઠોડ'' દ્વારા નવી નવી વાનગીઓ, રેસિપી અને ફુડ સંબંધિત ઉપયોગી માહિતી સરળ રીતે પ્રસ્તુત કરવામાં આવે છે. તેમનો બેકીંગ પ્રત્યેનો શોખ આજે ''કિન્સ કિચન'' તરીકે સફળ હોમ-બિઝનેસમાં વિકલ્પો છે. તેઓ કહે છે કે ''જો પેશન અને ડેડીકેશન હોય તો કોઇ પણ સપનું હકીકત બની શકે છે.'' મહાસભા મહિલા ઉત્કર્ષ સમિતિ સાથે જોડાયેલ યુવા મહામંડળ પ્રભારી શ્રી ગૌરવભાઇ ટાંક અને ઉપપ્રમુખ ઇશિતાબેન ટાંક સાથે તેમની સમસ્ત ટીમનો ખૂબ ખૂબ આભાર માને છે તેમજ સ્નેહી કિંજલબેન રાઠોડ જે બહુમુખી પ્રતિભા ધરાવતા રસોઇકળામાં નિષ્ણાંત ખુબજ કર્મઠ, હાર્ડવર્કર, પ્રેમાળ, લાગણીશીલ, વિનયશીલ, મધુરભાષી, સમાજસેવાની લાગણી અને ભાવનામાં સમર્પિત વ્યક્તિત્વ ધરાવતા કિંજલબેનને હૃદયથી સૅલ્યુટ આપી શબ્દસુમનોથી બિરદાવી... અભિનંદન આપી તેમના ઉજ્વલ ભવિષ્યની મંગલમય શુભકામનાઓ સાથે જીવનમાં ઉતરોત્તર પ્રગતિ કરે તેવી પ્રભુચરણોમાં પ્રાર્થના કરી ખુબ ખુબ ધન્યવાદ આપે છે. અસ્તુ... જય સમાજ...

- અધ્યક્ષા શ્રીમતી મીતાબેન રાઠોડ - લાતુર

## કચ્છ પ્રાદેશિક સમિતિ



કચ્છ પ્રાદેશિક અંતર્ગતના ઘટકો, યુવા મંડળ, મહિલા મંડળ અને સામાજિક સંસ્થાઓના હોદેદારોને મળેલ જવાબદારીઓના નિભાવ તથા કાર્યપદ્ધતિ બાબતે જરૂરી માર્ગદર્શન અને જાણકારી મળી રહે તે હેતુથી શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા પ્રેરિત, પ્રાદેશિક સમિતિ - કચ્છ દ્વારા આયોજિત તથા અંજાર ઘટક સહકારીત 'સંવાદ'-૨૦૨૬નું ભવ્ય આયોજન તા. ૨૯/૦૩/૨૦૨૬, રવિવારનાં રોજ અંજાર ઘટકના સ્નેહમય આમંત્રણથી અંજાર સમાજ ભવન મધ્યે કરવામાં આવ્યું હતું.

સભાના પ્રારંભે પ્રાદેશિક સમિતિ પ્રમુખશ્રી બાબુભાઈ ચૌહાણ, ઉપસ્થિત મહાસભાના પ્રમુખ આદ. સમાજરત્ન શ્રી વિનોદભાઈ સોલંકી, વરિષ્ઠ ઉપપ્રમુખશ્રી ડો.મનોજભાઈ સોલંકી, ઉપપ્રમુખો શ્રી વિનોદભાઈ ચૌહાણ, શ્રી વિનોદભાઈ જેઠવા, બ્ર.કુ.શ્રી બાબુભાઈ પરમાર,શ્રી મનોજભાઈ વેગડ, શ્રી ભોગીલાલભાઈ ચાવડા,શ્રી બલરામભાઈ જેઠવા, પૂર્વ પ્રમુખ શ્રી કુંવરજીભાઈ ટાંક, અંજાર ઘટક પ્રમુખ વિનોદભાઈ ખોડીયાર, અ.ભા.મ.મંડળના ચેરમેન શ્રીમતી અમિતાબેન સોલંકી, મહિલા પ્રાદેશિક પ્રમુખ શ્રીમતી રીટાબેન ચૌહાણ, યુવા પ્રાદેશિક પ્રમુખ જયભાઈ જેઠવા તથા અન્ય મહાનુભાવો દ્વારા દિપ પ્રાગટ્ય કરી, શ્રીરામ સ્તુતિ સાથે કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો હતો.

પ્રાદેશિક સમિતિ વતિથી મહામંત્રીશ્રી અનિલભાઈ ચૌહાણ દ્વારા ઉપસ્થિત સૌ મહાનુભાવોનુ શાબ્દિક સ્વાગત સન્માન કરવામાં આવેલ તથા મહાનુભાવોનું પુષ્પગુચ્છ વડે પણ સન્માન કરાવેલ,અંજાર ઘટક વતી મંત્રીશ્રી મુકેશભાઈ ખોડીયાર દ્વારા ઉપસ્થિત સૌનું સ્વાગત કરવામાં આવ્યું હતું. શ્રી અનિલભાઈ ચૌહાણે આજના સેમીનારમાં હોદેદારોને માટે આવરી લીધેલ વિષયોની જાણકારી અને વક્તાઓનો પરિચય આપેલ.

સેમીનારનો હેતુ અને ઉદ્દેશ બાબતે, મહાસભા વરિષ્ઠ ઉપપ્રમુખશ્રી ડો. મનોજભાઈ સોલંકીએ વિસ્તારથી જણાવી આજના આયોજનના હેતુ અને ઉદ્દેશ તથા આવરી લીધેલ વિષયોની વિગતે છણાવટ કરી અને આ ક્ષેત્રના જાણકાર વક્તાઓનો લાભ લેવા ઉપસ્થિત સૌને વિનંતી કરેલ અને કાર્યક્રમની શુભ શરૂઆત કરાવેલ હતી.

મહાસભાના પ્રમુખ સમાજરત્ન શ્રી વિનોદભાઈ સોલંકી દ્વારા આવા સુંદર આયોજન બાબતે ખુશી વ્યક્ત કરી અને અન્ય પ્રાદેશિક સમિતિઓ પણ આવા આયોજનો કરે તો સમાજમાં દરેકને પણ લાભ મળી શકે. કચ્છ પ્રાદેશિકના ઉપયોગી આયોજન બદલ અભિનંદન અને આશિર્વચન પાઠવેલ હતા.મંચસ્થ અન્ય મહેમાનો દ્વારા પણ કાર્યક્રમને અનુરૂપ ઉપયોગી વિચારો વ્યક્ત કરવામાં આવેલ.

મહાસભાના મહામંત્રીશ્રી વિનોદભાઈ પઢિયાર દ્વારા મહાસભાના ત્રિસ્તરીય માળખાનું સ્વરૂપ, કાર્યવાહી, પદાધિકારીઓથી અપેક્ષાઓ અને ફરજો બાબતે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું. ઘટકો, પ્રાદેશિક સમિતિ તથા સેવાભાવી સંસ્થાઓની કાર્યપ્રણાલી તથા સુચારૂ વહિવટ અને વિવિધ આયોજનો બાબતે અભિલાષા પ્રભારી અને મહાસભાના ઉપપ્રમુખશ્રી વિનોદભાઈ ચૌહાણ દ્વારા માહિતી આપવામાં આવી.

સંજિવની પ્રભારી ઉપપ્રમુખશ્રી વિનોદભાઈ જેઠવાએ મહાસભાની વિવિધ સેવાકીય યોજનાઓની માહિતી આપી અને ઘટકોના પદાધિકારીઓ પોતાના ઘટકના જરૂરિયાતમંદોને કેમ ઉપયોગી થઈ શકે તથા નાણાંકીય જરૂરિયાતો ઉભી કરવાના પ્રયત્નો બાબતે જાણકારી આપેલ. ભોજન અવકાશ બાદ મેરેજબ્યુરો અધ્યક્ષા શ્રીમતી અમિતાબેન સોલંકી તથા મહિલા પ્રાદેશિક પ્રમુખ શ્રીમતી રીટાબેન ચૌહાણ દ્વારા સમાજની સળગતી એવી સગપણ સમસ્યા, રીસામણા તથા લગ્ન વિચ્છેદને લગતી સમસ્યાઓ બાબતે વિસ્તૃત માહિતીની આપલે કરી અને ભવિષ્યના આયોજનોની માહિતી આપેલ.

લીગલ ડેસ્ક પ્રભારી મંત્રીશ્રી ભગવાનજીભાઈ રાઠોડ દ્વારા, સમાજમાં ઉભયપક્ષો વચ્ચે ઉભા થતાં વિવાદોનું સ્થાનિક બન્ને ઘટક ન્યાય કમિટી અને મધ્યસ્થ ન્યાયપંચ દ્વારા ફક્ત સમાધાન સ્વરૂપેજ ઉકેલ થાય તે માટે પ્રયત્નો કરી, કાનુની વિવાદો ઉભા ન થાય તે માટેના પ્રયત્નો બાબતે માહિતી આપેલ ઉપરાંત ઘટક રજીસ્ટ્રેશન અને અન્ય બાબતે માહિતગાર કરેલ. મહાસભા ઉપપ્રમુખો બ્ર.કુ.શ્રીબાબુભાઈ પરમાર, શ્રી ભોગીલાલભાઈ ચાવડા, શ્રી મનોજભાઈ વેગડ, શ્રી બલરામભાઈ જેઠવા તથા વરિષ્ઠ મહામંત્રી શ્રી વિનોદભાઈ ખોડીયાર દ્વારા પણ સભામાં પોતાના વિચારો વ્યક્ત કરવામાં આવેલ હતા.

નિષ્ણાત વ્યક્તિઓ દ્વારા પોતાને અપાયેલ વિષયે, વિસ્તૃત માહિતી આપ્યા બાદ ઉપસ્થિત હોદેદારો દ્વારા આજના સેમિનાર અન્વયે પોતાને મુંઝવતા પ્રશ્નોની રજૂઆત કરવામાં આવેલ જેના સંતોષકારક પ્રત્યુતરો આપવામાં આવેલા હતા.

મહાસભાની કાર્ય પધ્ધતિ,પ્રતિનિધિઓની નિમણૂંક, મહાસભાની હિસાબીપધ્ધતિ, ઘટકની બાબતો અને અન્ય અપીલ કરેલ. કચ્છ પ્રાદેશિક સમિતિને આવા સુંદર કાર્યક્રમના આયોજન બાબતે પ્રેરિત કરવા બદલ સમાજ મહાસભાને ધન્યવાદ આપેલ અને અંજાર ઘટકને પણ આવા સુંદર આયોજનમા સહકાર આપવા બદલ આભાર વ્યક્ત કરેલ અને દરેક વક્તાઓ ને પણ સુંદર માહિતીના પ્રદાન માટે ધન્યવાદ આપેલ હતા.

આ કાર્યક્રમને સફળ બનાવવા પ્રાદેશિક સમિતિના ઉપપ્રમુખો





બાબતોએ શ્રી અજયભાઈ પઢિયાર, શ્રી પ્રવીણભાઈ વેગડ, શ્રી જીવરામભાઈ ટાંક, શ્રી પરેશભાઈ પરમાર, શ્રી ગિરીશભાઈ પરમાર,શ્રી વિજયભાઈ પઢિયાર તેમજ અન્ય સભ્યો દ્વારા પુછવામાં આવેલ. માહિતીઓનો શ્રી મનોજભાઈ સોલંકી દ્વારા વિગતવાર જવાબો આપવામાં આવ્યા હતા.

કાર્યક્રમના અંતે આજના આવા સુંદર અને ઉપયોગી કાર્યક્રમની ફળશ્રુતિ બાબતે શ્રીડો.મનોજભાઈ સોલંકીએ જણાવ્યું કે, દરેક પ્રાદેશિકોમા આવા આયોજનો થાય તો નવા કાર્યકરોને ખુબજ મદદરૂપ થાય.નવી પેઢીને પોતાના કાર્યો અને ફરજો બાબતે જાણકારી મળી રહે અને મહાસભાના સમાજ ઉપયોગી કાર્યોથી સૌને વાકેફ કરી શકાય.

પ્રમુખ સ્થાનેથી પ્રાદેશિક સમિતિના પ્રમુખશ્રી બાબુભાઈ ચૌહાણે આવા સરસ અને ઉપયોગી કાર્યક્રમથી સમાજમાં સંગઠન મજબૂત થાય છે અને નવી પેઢીને પોતાના કાર્યો અને ફરજો બાબતે વિસ્તૃત માર્ગદર્શન મળેછે જે તેઓને ભવિષ્યમાં ઉપયોગી થશે. આગામી તા.૧૯.૦૪.૨૦૨૬ ના રોજ કચ્છ પ્રાદેશિક અંતર્ગતના ઘટકોના દીકરા દીકરીઓના પાત્ર પરિચય માટે એક પ્રયાસ યક્ષ મંદિર હોલ માધાપર ખાતે આયોજિત કરવામાં આવેલ છે જેમાં મોટી સંખ્યામાં સગપણ લાયક પાત્રો હાજર રહી કાર્યક્રમ સફળ બનાવે એવી

શ્રી સુરેશભાઈ ટાંક, શ્રી કમલેશભાઈ પરમાર,શ્રી રાજેશભાઈ ટાંક, મંત્રી શ્રી રમેશભાઈ ચૌહાણ, સહમંત્રીઓ મહેન્દ્રભાઈ વરુ, પ્રવીણભાઈ ચૌહાણ, અંજાર ઘટકના નિર્મળાબેન પ્રભુલાલભાઈ,પ્રતિકભાઈ ટાંક, ઈલાબેન વેગડ,અંજાર ઘટક,

મહિલા મંડળ તથા યુવા મંડળ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી. ઉપસ્થિત સૌના માટે બપોરનુ ભોજન ડો. શ્રી મનોજભાઈ સોલંકી દ્વારા પૌત્રી ચીં અહિલ્યા જયદિપ સોલંકીના જન્મની ખુશાલી નિમિત્તે જાહેર કરવામાં આવેલ જ્યારે સૌ માટે આઈસ્ક્રીમની જાહેરાત બ્ર.કુ. શ્રી બાબુભાઈ પરમાર દ્વારા કરવામાં આવેલ હતી.

આ કાર્યક્રમમાં આમંત્રિત મહાનુભાવો,દરેક ઘટકોમાંથી ત્રણેય પાંખના હોદેદારો, ઘટક પ્રતિનિધિઓ, નિયુક્ત સંપર્ક સારથી બહેનો/ભાઈઓ, અન્ય સંસ્થાના હોદ્દેદારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલ હતા. અંતમાં પ્રાદેશિક મંત્રી રમેશભાઈ ચૌહાણ દ્વારા સૌ મહાનુભાવો તથા ભાગ લેનાર તમામ હોદેદારો, અંજાર ઘટક, મહિલા મંડળ, યુવા મંડળ તેમજ આ કાર્યક્રમને સફળ બનાવવા માટે જહેમત લેનાર તમામનો કચ્છ પ્રાદેશિક સમિતિ વતીથી આભાર વ્યક્ત કરી પ્રમુખશ્રીની અનુમતિથી કાર્યક્રમ પૂર્ણ જાહેર કરેલ અંતમાં રાષ્ટ્રગીત ના ગાન સાથે સૌ છુટા પડેલ.

## શહડોલ ઘટક

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ શહડોલ ઘટક દ્વારા તા. ૨ એપ્રિલ, ગુરૂવારના રોજ શ્રી હનુમાન જયંતિના ઉત્સવના પ્રસંગે શ્રી બાલાજી હનુમાન મંદિર, બરૂકામાં સંગીતમય શ્રી હનુમાન ચાલિસાના પાઠનું આયોજન કરવામાં આવેલ. જેમાં મહાકૌશલ પ્રાદેશિક પ્રમુખ શ્રી લીલાધરભાઇ રતિલાલભાઇ ખોડિયાર દ્વારા વિધિવત પૂજન-અર્ચન કરેલ તથા અખંડ રામાયણ પાઠ અને વિશાળ ભંડારાનું આયોજન કરેલ. જેમાં સ્થાનિક ધર્મપ્રેમી ભક્તોએ પણ લાભ લીધેલ હતો. ઘટક પ્રમુખ શ્રી જયસુખભાઇ ચાવડા તથા મંત્રી શ્રી નીતિનભાઇ ચૌહાણ દ્વારા દરેક સમાજબંધુઓને ધર્મ લાભ લેવા અપીલ કરેલ. જેમાં શ્રી સુશીલભાઇ ખોડીયાર, વિવેક ખોડીયાર, દિપક ખોડીયાર,



આલોક ખોડીયાર, કપિલ ખોડીયાર, કેતન ચૌહાણ, મનિષભાઇ ઉપસ્થિત રહ્યા હતા. મહિલા મંડળમાં શ્રીમતી અનુરાધાબેન ખોડીયાર, ગિતિકાબેન ખોડીયાર, ખુશ્બુબેન ખોડીયાર, ગીતાબેન ખોડીયાર, પૂજાબેન ખોડીયાર, તેજલબેન, કવિતાબેન વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## બાલાઘાટ ઘટક







શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સાર્વજનિક ન્યાસ નાગપુરની વાર્ષિક સભાનું આયોજન તા. ૨૯ માર્ચ-૨૦૨૬, રવિવારના શ્રી ક.ગુ.ક્ષ. સમાજ બાલાઘાટ ઘટક સમાજવાડીમાં બપોરે ૧૨.૦૦ કલાકેથી કરવામાં આવ્યું હતું. ન્યાસ પ્રમુખ શ્રી મહેન્દ્રભાઇ કરમશીભાઇ ટાંક દ્વારા બાલાઘાટ ઘટકના પદાધિકારીશ્રીઓ એવં કાર્યકર્તાઓ, મહિલા મંડળ તેમજ યુવા મંડળના પદાધિકારીઓ એવં કાર્યકર્તાઓને પણ સભામાં આમંત્રિત કરેલ હતા.

બાલાઘાટ ઘટક દ્વારા સભામાં પધારેલ સહુ પદાધિકારીશ્રીઓ તેમજ સદસ્યગણોનું ભાવભીનું આત્મીય સ્વાગત કરવામાં આવેલ હતું. મહિલા મંડળ દ્વારા પ્રભુ પ્રાર્થના કરવામાં આવેલ. ઉપરાંત મહિલા મંડળના સક્રિય સદસ્યા શ્રીમતી નમ્રતાબેન રસિકભાઇ રાઠોડ દ્વારા પધારેલ સહુ મહેમાનોને આવકારતા સુમધુર કંઠે સ્વાગત ગીત રજુ કરેલ હતું. ઘટકની નાનકડી દીકરી કુ. આધ્યા સચિનભાઇ ચાવડાએ સુંદર નૃત્ય પ્રસ્તુત કરી સહુને આનંદીત કરેલ. પ્રોત્સાહનરૂપે ન્યાસના પદાધિકારીશ્રીઓ તેમજ સદસ્યો દ્વારા ભેટ આપવામાં આવેલ. ન્યાસ પ્રમુખ શ્રી મહેન્દ્રભાઇ કરમશીભાઇ ટાંકે બાલાઘાટ ઘટકને બિરદાવતા આ સભાના આયોજન માટે સમાજવાડીની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા બદલ ન્યાસ વતી ધન્યવાદ આપેલ. ન્યાસની સભા સંપન્ન થયા બાદ સહુએ સ્વાદિષ્ટ વાનગીઓ યુક્ત બપોરનું સમુહ ભોજન આરોગી પોતાના ગંતવ્ય સ્થળે જવા વિદાય લીધી હતી.

## ધનબાદ ઘટક





તા. ૮ માર્ચ-૨૦૨૬, રવિવારના રોજ રંગપંચમીના પાવન અવસરે શ્રી ક.ગુ.ક્ષ. સમાજ ધનબાદ ઘટક દ્વારા સમાજ ભવન ખાતે ભવ્ય અને આધ્યાત્મિક દેવોની હોળી મહોત્સવનું આયોજન કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમ સમાજના મહિલા મંડળ અને યુવા મંડળના સક્રિય સહયોગથી સફળતાપૂર્વક યોજાયો હતો.

કાર્યક્રમની શરૂઆત સાંજે ૪ વાગ્યે ભક્તિમય વાતાવરણમાં ભજન અને કિર્તન સાથે કરવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઇસ્કોનના ભક્તો દ્વારા કરવામાં આવ્યું હતું. જેના કારણે સમગ્ર સમાજ ભવનમાં આધ્યાત્મિકતા અને શ્રી કૃષ્ણ ભક્તિનો પવિત્ર માહોલ સર્જાયો હતો. પ્રભુ શ્રી ગિરધર ગોપાલના આગમન સાથે તેમનું પરંપરાગત સ્વાગત કરવામાં આવ્યું અને ત્યાર બાદ ભક્તિમય કીર્તન, સામૈયું અને આરતી દ્વારા શ્રી કૃષ્ણના પવિત્ર નામ સંકિર્તન સાથે સૌએ ભક્તિરસમાં લીન થઇ દિવ્ય ફુલોની હોળીનો આનંદ માણ્યો હતો. સમાજના ભાઇઓ ધોતી-કુર્તા અને કુર્તા-પાયજામામાં તથા બહેનો ચણિયા-ચોળી અને સાડીમાં ઉપસ્થિત રહ્યા હતા. જેના કારણે સમગ્ર કાર્યક્રમમાં પરંપરાગત અને ભવ્ય વાતાવરણ સર્જાયું હતું. ફુલોની હોળી અને હરિનામ સંકીર્તન સાથે ઉજવાયેલા આ કાર્યક્રમમાં સમાજના મોટી સંખ્યામાં બાંધવો, બહેનો અને બાળકો ઉત્સાહપૂર્વક ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમ ભક્તિ, આનંદ, એક્તા અને સામાજિક સૌહાર્દના સુંદર સંદેશ સાથે ઉજવાયો હતો.

કાર્યક્રમના અંતે રાત્રે ૮.૦૦ વાગ્યે મહાપ્રસાદમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સમાજના સૌ બાંધવોએ ભક્તિભાવથી પ્રસાદ ગ્રહણ કર્યો હતો. આ દિવ્ય હોળી મહોત્સવને સફળ બનાવવા માટે સમાજના મહિલા મંડળ, યુવા મંડળ, દાતાશ્રીઓ અને તમામ સમાજબાંધવોના સહયોગ માટે સમાજ ટ્રસ્ટ તરફથી આભાર વ્યક્ત કરવામાં આવેલ. ધનબાદ ઘટકની વાર્ષિક સામાન્ય સભા તા. ૨૨-૩-૨૦૨૬ના રોજ સફળતાપૂર્વક યોજાઇ હતી. સભામાં સમાજના અગ્રણીઓ અને સભ્યોની નોંધપાત્ર ઉપસ્થિતિ રહી હતી. સભા દરમિયાન વિવિધ મહત્વપૂર્ણ મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. ચર્ચા બાદ સર્વસંમતિથી વર્તમાન કાર્યકારી સમિતિને આગામી સત્ર ૨૦૨૬-૨૦૨૯ માટે પુનઃ નિમણુંક કરવામાં આવી હતી. જે સમાજના વિશ્વાસ અને સહકારનું પ્રતિબિંબ છે. નવા સત્ર માટેની કાર્યકારી સમિતિમાં પ્રમુખ - શ્રી નરેશભાઇ હરિલાલ ચાવડા,

મંત્રી - શ્રી લક્ષ્મીકાંત ગોકુલભાઇ ચાવડા, ખજાનચી - શ્રી મહેન્દ્રભાઇ દામજીભાઇ રાઠોડ, ઉપપ્રમુખ - શ્રી કેતનભાઇ ચંદ્રકાંતભાઇ ચાવડા, સહમંત્રી - શ્રી અમિત મનમોહન ચાવડા તથા ચાર કારોબારી સભ્યોની નિમણુંક કરવામાં આવી હતી. સભાના અંતે તમામ સભ્યોએ નવી કાર્યકારી સમિતિને શુભેચ્છાઓ પાઠવી અને સમાજના વિકાસ માટે સંયુક્ત પ્રયાસો કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

## માધાપર ઘટક





શ્રી ક.ગુ.ક્ષ. સમાજ માધાપર ઘટક દ્વારા સંચાલિત સુર સંગમ કરાઓકે ગ્રુપની શુભ શરૂઆત ઘટક પ્રમુખ શ્રી જયંતિલાલભાઇ વલમજીભાઇ વાઘેલાના અધ્યક્ષ સ્થાને તા. ૨૧-૦૩-૨૦૨૬, શનિવારના સાંજે ૬ કલાકે માધાપર સમાજ ભવન મધ્યે કરવામાં આવેલ હતી. કાર્યક્રમના પ્રારંભમાં સૌ મહેમાનો દ્વારા દીપ પ્રાગટ્ય કરી રામસ્તુતિનું સામુહિક પઠન કરવામાં આવેલ હતું. સુર સંગમ કરાઓકે ગ્રુપમાં માધાપર સમાજના સંગીત પ્રેમી લોકોએ ભાગ લીધેલ હતો. કાર્યક્રમમાં મહાસભાના પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી, વરીષ્ઠ ઉપપ્રમુખ ડૉ. શ્રી મનોજભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી, માધાપર યુવા મંડળના પ્રમુખ શ્રી ભરતભાઇ જેઠાલાલભાઇ રાઠોડ, યુવતી મંડળના સંયોજક શ્રીમતી નંદીનીબેન જયદીપભાઇ સોલંકી અને શ્રીમતી ઋતુબેન મોહિતભાઇ સોલંકી તેમજ સુર સંગમ કરાઓકે ગ્રુપના સભ્યો તેમજ માધાપર સમાજના સંગીત પ્રેમી ભાઇઓ તથા બહેનો હાજર રહેલ હતા. જેમાં કાર્યક્રમની શરૂઆત આરોહી સોલંકી દ્વારા પ્રભુ પ્રાર્થનાથી કરવામાં આવેલ હતી.

ત્યાર બાદ સુરસંગમ કરાઓકે ગ્રુપના એડમીન શ્રી જ્યોતિર્મયભાઇ પરમારે જણાવ્યું હતું કે, માધાપર સમાજમાં રહેલ પ્રતિભાઓને પ્રોત્સાહિત કરવા અને સંગીત પ્રેમી લોકોને પ્લેટફોર્મ મળી રહે તે હેતુથી આ ગ્રુપની રચના કરવામાં આવેલ છે. આ ગ્રુપમાં નાના-મોટા દીકરા-દીકરીઓ, વડીલો અને દરેક ઉંમરના લોકો જોડાઇ શકે છે. ત્યાર બાદ રાષ્ટ્રીય મહાસભાના પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકીએ જણાવ્યું હતું કે, સંગીત જીવનમાં ખુબજ જરૂરી છે. ઉપપ્રમુખ ડૉ. મનોજભાઇ સોલંકીએ જણાવ્યું હતું કે, સુર સંગમ કરાઓકે ગ્રુપમાં સમાજના નાના બાળકોમાં રહેલી પ્રતિભાને સ્ટેજ મળેલ છે અને તેમની આ પ્રતિભાને આગળ લઇ જવા માટે સમાજ તેમની સાથે જ છે. કાર્યક્રમના દિવસે માધાપર ઘટકના પ્રમુખ શ્રી જયંતિલાલભાઇ વાઘેલાનો જન્મદિવસ સુર સંગમ કરાઓકે ગ્રુપ દ્વારા ચોકલેટનું વિતરણ કરી ઉજવવામાં આવ્યો હતો. મહાસભા પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકીએ ગીત દ્વારા પ્રમુખ શ્રી જયંતિલાલભાઇ વાઘેલાને શુભેચ્છા પાઠવેલ હતી. જન્મદિવસની ખુશીમાં પ્રમુખશ્રી તરફથી આઇસ્ક્રીમનું વિતરણ કરવામાં આવેલ હતું. કાર્યક્રમને સફળ બનાવવા સુરસંગમ કરાઓકે ગ્રુપના એડમીન શ્રી જ્યોતિર્મયભાઇ પરમાર, શ્રી યોગેશભાઇ ચૌહાણ અને માધાપર ઘટકના મંત્રી શ્રી દીપકભાઇ ચૌહાણે જહેમત ઉઠાવેલ હતી. સુરસંગમ કરાઓકે ગ્રુપના ગાયકોને દાતાશ્રીઓ દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવેલ હતા. કાર્યક્રમમાં અલ્પાહારની વ્યવસ્થા રાખવામાં આવેલ હતી. આભારવિધી ગ્રુપના સભ્યશ્રી વિજયભાઇ વરૂએ કરેલ હતી. કાર્યક્રમનું સંચાલન ઘટકના સહમંત્રી શ્રી દિનેશભાઇ ચાવડાએ કરેલ હતું.

માધાપર ઘટક દ્વારા સમાજ ભવન મધ્યે તા. ૨૮-૦૩-૨૦૨૬, શનિવારના રોજ સુવર્ણપ્રાશન ઔષધિ પીવડાવવાનો ૧૫મો કેમ્પ યોજવામાં આવેલ હતો. જેમાં સર્વે સમાજના ૧૫ વર્ષ સુધીના ૧૦૭ બાળકોને સુવર્ણપ્રાશનના ટીપા નિઃશુલ્ક પીવડાવવામાં આવેલ હતા. આ વખતે પુષ્ય નક્ષત્રના દિવસે માધાપર ઘટક પ્રમુખ શ્રી જયંતિલાલભાઇ વાઘેલાના માર્ગદર્શન હેઠળ શ્રી રાજેશભાઇ ચાવડાએ જહેમત ઉઠાવી હતી અને તેમના વરદ હસ્તે બાળકોને ટીપા પીવડાવવામાં આવ્યા હતા. સુવર્ણપ્રાશન ઔષધી અભિયાનમાં દરેક સમાજના બાળકો અને નૂતન કેળવણી મંડળના બાળકોએ પણ લાભ લીધો હતો. જેમાં નૂતન કેળવણી મંડળના પ્રિન્સીપાલ શ્રીમતી પ્રતિમાબેન રાઠોડ, શિક્ષિકા શ્રીમતી કંચનબેન સોલંકી અને શ્રીમતી કવિતાબેન ચૌહાણનો સહકાર મળેલ હતો.

માધાપર ઘટક અને ગીરનાર ધ્યાન સભા દ્વારા નિઃશુલ્ક ધ્યાન યોગ શિબિરનું આયોજન માધાપર ઘટકના પ્રમુખ શ્રી જયંતિલાલભાઇ વલમજીભાઇ વાઘેલાના અધ્યક્ષ સ્થાને તા. ૦૧-૦૪-૨૦૨૬ના બુધવારના સાંજે ૪.૩૦ કલાકે માધાપર સમાજ ભવન મધ્યે કરવામાં આવેલ હતું. કાર્યક્રમની શરૂઆત મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવેલ. જેમાં ગીરનાર ધ્યાન સભાના બ્રહ્મજ્ઞ ચૈતન્યદર્શી શ્રી વિનલભાઇ જોશી - રાયપુર અને બ્રહ્મજ્ઞ ચૈતન્યદર્શી શ્રીમતી બીનાબેન જોશી ઉપસ્થિત રહ્યા હતા અને તેમનું માધાપર સમાજ દ્વારા શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવેલ હતું.

કાર્યક્રમમાં માધાપર ઘટકના મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી તારાબેન રમેશભાઇ ટાંક, મહિલા મંડળના સભ્યો તેમજ સમાજના ભાઇઓ તથા બહેનો ઉપસ્થિત રહ્યા હતા. શ્રી વિનલભાઇ જોશી દ્વારા સનાતન સાધના પદ્ધતિ અંતર્ગત ધ્યાન કરાવવામાં આવેલ હતું અને

ધ્યાન દ્વારા મળતા લાભોનું માર્ગદર્શન આપવામાં આવેલ હતું. કાર્યક્રમને સફળ બનાવવા માધાપર ઘટકના મંત્રી શ્રી દિપકભાઇ નરસિંહભાઇ ચૌહાણ અને શ્રી નરેન્દ્રભાઇ વાઘેલાએ જહેમત ઉઠાવેલ હતી. કાર્યક્રમનું સંચાલન માધાપર ઘટકના સહમંત્રી શ્રી દિનેશભાઇ નરેન્દ્રભાઇ ચાવડાએ કરેલ હતું.

માધાપર ઘટક અને રામકૃષ્ણ મઠ - ભુજ દ્વારા આયોજીત દરેક સમાજ માટે નિઃશુલ્ક હોમિયોપેથિક નિદાન અને સારવાર કેમ્પ માધાપર સમાજ ભવન મધ્યે તા. ૦૮-૦૪-૨૦૨૬ના બુધવારના રોજ યોજવામાં આવેલ હતો. જેમાં ઘટક પ્રમુખ શ્રી જયંતિલાલભાઇ વાઘેલાના માર્ગદર્શન હેઠળ દરેક સમાજના લોકો માટે ફ્રીમાં નિદાન કરી એક માસની ફ્રીમાં દવાઓ આપવામાં આવેલ હતી. રામકૃષ્ણ મઠના ડૉ. યશ્વી પરમાર, ડૉ. વિશાલ વ્યાસ, ડૉ. વિશ્વા પારેખ અને ડૉ. ઇશા ભાટિયાએ સેવા આપેલ હતી. આ કેમ્પમાં કુલ ૫૬ લોકોએ નિદાન કરાવેલ હતું. રામકૃષ્ણ મઠના ડૉક્ટર અને મેડીકલ સ્ટાફની અવિરત સેવા બદલ ઘટક વતી શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવેલ હતું. કેમ્પમાં ઘટક પ્રમુખ શ્રી જયંતિલાલભાઇ વાઘેલા, મંત્રી શ્રી દિપકભાઇ ચૌહાણ, શ્રી કમલેશભાઇ પરમાર, શ્રી ગિરીશભાઇ ચૌહાણ, શ્રી ગિરિશભાઇ ચૌહાણ, શ્રી છોટાલાલભાઇ વરૂ અને શ્રી રાજેશભાઇ ચાવડાએ જહેમત ઉઠાવેલ હતી.

માધાપર ઘટક દ્વારા ઠાકર મંદિર પાટોત્સવ નિમિત્તે લેવાયેલ નિર્ણય મુજબ સમાજ ભવન મધ્યે ગૌ ગ્રાસ ફંડ એકત્રિત કરવા માટે પેટી મુકવામાં આવેલ. જેમાં સમાજના સભ્યો દ્વારા સંકલ્પ મુજબ નિયમિત માસિક રકમ એકત્રિત કરવામાં આવેલ છે. જે રકમ ચાલુ વર્ષે રૂા. ૧,૦૩,૪૯૦/- તથા ચાલુ વર્ષે ઠાકર મંદિરના પાટોત્સવ નિમિત્તે શિવ મહાપુરાણ કથાના આયોજનમાં ગૌ ચારાની બચત રકમ રૂા. ૭૬,૫૨૫/- ગોરસિયા ફાઉન્ડેશન નંદી શાળા, લેરને ચેકથી દાન આપવામાં આવેલ છે તેમજ પેટીની આવકમાંથી એક ગાડી સુકો ચારો ભુજ તાલુકાના હાજાપર ગામે ગૌ શાળાને મોકલવામાં આવેલ છે. હાજાપર મુકામે સુકોચારાની ગાડી માટે માધાપર ઘટકના પ્રમુખ શ્રી જયંતિલાલભાઇ વલમજીભાઇ વાઘેલા, મંત્રી શ્રી દિપકભાઇ નરસિંહભાઇ ચૌહાણ અને ખજાનચી શ્રી મનોજભાઇ જેન્તીલાલભાઇ ટાંક હાજર રહેલ હતા.

## છત્રપતિ સંભાજીનગર ઘટક



છત્રપતિ શંભાજીનગર (ઔરંગાબાદ) ઘટક દ્વારા આયોજિત પંઢરપુર યાત્રાનું આયોજન સિનિયર સિટીઝન વડીલો માટે તારીખ ૫ અને ૬ માર્ચ ૨૦૨૬ના ખૂબ જ સારી રીતે થયેલ જેની તૈયારી શ્રી યોગેશભાઈ ચાવડા અને શ્રી રાજેન્દ્રભાઈ રાઠોડ મળીને સુંદર રીતે પાર પાડેલ. પ્રથમ તુલજાપુર થી તુલજા ભવાની મંદિર જે ૫૧ શક્તિપીઠો માંથી એક છે જે દેવી ભવાનીને સમર્પિત છે. આ મંદિર ૧૨મી સદીનું સ્વયંભૂ મૂર્તિ માટે જાણીતું છે. ત્યાંથી દર્શન કર્યા બાદ પંઢરપુર મંદિર સોલાપુર જિલ્લામાં ચંદ્રભાગા નદીને કિનારે આવેલ વિઠ્ઠલ ભગવાન જે (શ્રીકૃષ્ણનું સ્વરૂપ) જે કમર પર હાથ રાખીને ઉભેલા બિરાજમાન છે ત્યાં જ દર્શન કરી રાત્રે રોકાણ કરેલ.

બીજા દિવસે આપણા સમાજના સેવાભાવી પરિવારના વંદનીય આદરણીય શ્રીમતિ બાલગૌરીબેન ગોપાલભાઈ પરમાર પરિવાર સાથે સુપુત્ર બંને ભાઈઓ શ્રીમાન ભીનેશભાઈ ગોપાલભાઈ પરમાર સમસ્ત પરિવારે ખૂબ જ આગ્રહ પૂર્વક સૌને ઘરે લઈ ગયા સવારનો નાસ્તો કરાવીને વિદાય આપી ત્યાંથી અક્કલકોટ સ્વામી સમર્થની સમાધિ સ્થળ છે જે ગુરુ દત્તાત્રેય ભગવાનના અવતાર તરીકે પૂજાય છે, ત્યાં દર્શન બાદ મંદિરમાં જ પ્રસાદ જમ્યા અને ભાવપૂર્વક યાત્રાની સમાપ્તિ કરી રાત્રે ૧૧ સુધી સંભાજીનગર પરત આવ્યા.

## જયપુર ઘટક



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ જયપુર ઘટક દ્વારા તા. ૧૨-૦૪-૨૦૨૬ના સાંજે "ગીતા સંવાદ અને જિજ્ઞાસા સમાધાન" કાર્યક્રમ ભવ્ય રીતે આયોજીત કરવામાં આવેલ. આ આધ્યાત્મિક કાર્યક્રમમાં મહંત શ્રી દીપક વલ્લભ ગોસ્વામીજીના પ્રેરણાદાયી માર્ગદર્શન હેઠળ સમાજના અનેક પરિવારો ઉત્સાહપૂર્વક ઉપીસ્થત રહ્યા હતા.

આ કાર્યક્રમમાં સમાજ પ્રમુખ શ્રી મનોજભાઇ બેચરભાઇ ટાંક તથા મંત્રી શ્રી ભાવિનભાઇ દિનેશભાઇ ટાંક સાથે કારોબારીસ ભયો અને સમાજના પરિવારજનોની વિશેષ ઉપસ્થિતિ રહી અને તેમણે કાર્યક્રમને સફળ બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત સભ્યોએ પોતાના જીવન સાથે સંબંધિત વિવિધ જિજ્ઞાસાપૂર્ણ પ્રશ્નો પૂછ્યા, જેના સંતોષકારક અને સરળ જવાબો મહંતશ્રીએ ગીતાના સિદ્ધાંતોના આધારે આપ્યા હતા. ગીતાના અમૂલ્ય જ્ઞાન દ્વારા જીવનમાં સફળતા મેળવવાના માર્ગો વિશે

પણ વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. મહંતશ્રીએ સમાજ સાથેની ચર્ચા દરમિયાન એક મહત્વપૂર્ણ બાબત પણ રજુ કરી કે જયપુર ઘટકના લગભગ તમામ પરિવારો પાસે આજે પોતાની છત અથવા જમીન ઉપલબ્ધ છે. જે સમાજની મજબૂતી અને પ્રગતિનો પરિચય આપે છે. સાથે જ સમાજ આત્મનિર્ભર બન્યો છે, જે ગૌરવની બાબત છે. કાર્યક્રમમાં સંગીતમય ભજન સંધ્યાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સમાજના વડીલો, મહિલાઓ અને બાળકોએ ભક્તિભાવ સાથે ભજનોનો આનંદ લીધો અને આધ્યાત્મિક માહોલનો અનુભવ કર્યો હતો. અંતે કાર્યક્રમ બાદ સર્વે માટે સાત્વિક પ્રસાદીનું વિતરણ કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમમાં સમાજના સભ્યોમાં એક્તા, ભક્તિ અને આધ્યાત્મિક્તાનો સુંદર સંદેશ પ્રસર્યો હતો. આ આયોજન માટે ઘટક મંત્રી શ્રી ભાવિનભાઇ દિનેશભાઇ ટાંક દ્વારા તમામ સહયોગીઓ અને ઉપસ્થિત સભ્યોનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

## આદિપુર ઘટક




પ્રજાપિતા બ્રહ્માકુમારી ઇશ્વરીય વિશ્વ વિદ્યાલય, આદિપુર આયોજીત શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય (મિસ્ત્રી) સમાજ, આદિપુર ઘટક સહકારી ''સ્વસ્થ પરિવાર, શ્રેષ્ઠ પરિવાર, શ્રેષ્ઠ સમાજ'' શિર્ષક હેઠળ વ્યાખ્યાન/આધ્યાત્મિક સ્નેહમિલન, રવિવાર, તા. ૧૫-૦૩-૨૦૨૬ના રોજ આદિપુર સમાજ ભવન મધ્યે યોજવામાં આવેલ.

ઉપરોક્ત સ્નેહમિલન કાર્યક્રમમાં રાજયોગી બ્ર.કુ. નેહાદીદી, મણીનગર, અમદાવાદ તથા રાજયોગીની બ્ર.કુ. ભાવનાદીદી ન્યુઝીલેન્ડથી, બ્ર.કુ. બાબુભાઇ તથા સુનીતાબેન ભુજથી અને પ્રજાપિતા બ્રહ્માકુમારી ઇશ્વરીય વિશ્વ વિદ્યાલય, આદિપુર સેન્ટરથી પધારેલ. કચ્છ પ્રાદેશિક પ્રમુખ શ્રી બાબુભાઇ ચૌહાણ, કચ્છ યુવા પ્રા. પ્રમુખ શ્રી જયભારત જેઠવા, આદિપુર મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી અનિતાબેન એન. ટાંક, યુવા મંડળ પ્રમુખ શ્રી ચેતનભાઇ ચૌહાણ તથા ઉપપ્રમુખ શ્રી પ્રવિણભાઇ દેવશીભાઇ ચૌહાણ હાજર રહ્યા હતા.

પરિવારને સ્વસ્થ તેમજ શ્રેષ્ઠ બનાવવા તેમજ સમાજને શ્રેષ્ઠ બનાવવાની શિખ આપતા આ સમારોહમાં આદિપુર ઘટકના સમાજના સભ્યો, ભાઇઓ-બહેનો મોટી સંખ્યામાં જોડાયા હતા. કાર્યક્રમનું મંચ સંચાલન તોલાણી કોલેજ, આદિપુરના પ્રોફેસર બ્ર.કુ. કિરણબેને કર્યું હતું. ઘટક વતી પધારેલ દરેક મહેમાન તથા અતિથિ વિશેષનું સન્માન કરવામાં આવેલ. પ્રજાપિતા બ્ર.કુ. ઇશ્વરીય વિશ્વ વિદ્યાલય આદિપુર વતિ આદિપુર ઘટકના હોદ્દેદારોનું સાલ ઓઢાળી, મોમેન્ટો આપી સન્માન કરવામાં આવેલ. અંતમાં આભારવિધી યુવા મંડળના પ્રમુખ શ્રી ચેતનભાઇ જે. ચૌહાણે કરી હતી. અંતમાં બ્રહ્માભોજન લઇ સૌ છુટા પડ્યા હતા.

## રાજકોટ ઘટક

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ રાજકોટ ઘટકની નવા સત્રની પ્રથમ કારોબારી બેઠક નવનિર્વાચિત પ્રમુખ શ્રીમતી પ્રીતિબેન પરેશભાઈ ચૌહાણના નિવાસસ્થાને યોજાઈ હતી. મીટિંગમાં ઘટકના માજી પ્રમુખ શ્રીમતી અને શ્રી ચંદ્રેશભાઈ ચાવડા, ઉપપ્રમુખ શ્રીમતિ અને શ્રી જતીનભાઈ ચૌહાણ, મંત્રી શ્રીમતિ અને શ્રી રાજનભાઈ પરમાર, ખજાનચી શ્રીમતી અને શ્રી મયુરભાઈ વાઢેર, કારોબારી સભ્ય શ્રીમતી અને શ્રી રશ્મિકાંતભાઈ મકવાણા તથા યુવા મંડળ પ્રમુખ શ્રી ધવલભાઈ ટાંક ઉપસ્થિત રહ્યા હતા. મીટિંગમાં ઘટકના સમાજ ઉત્કર્ષના કાર્યોની ચર્ચા કરવામાં આવી હતી.

સર્વે સભ્યોની નિયમિત મુલાકાત થાય એ હેતુસર ઘટકની એક કપલ કીટી ચાલુ કરવાનું નક્કી કરવામાં આવ્યું. શ્રીમતિ પ્રીતિબેન એક કુકિંગ એક્સપર્ટ હોય સ્વાદિષ્ટ ભોજન બાદ કિટી પ્રથમ ડ્રોમાં કિટી શ્રી રાજનભાઈ પરમારને લગતા તે પછીની કીટીનું તેમના નિવાસ



સ્થાને આયોજન કરાયું. ત્યાર બાદની કીટી શ્રી ચંદ્રેશભાઈ ચાવડાને લગતા તેમના ઘરે સૌ ફરીથી મળ્યા હતા. તેઓએ સુંદર ગેમ્સ રમાડી હતી. આગામી મહાસભાના દ્વારકા ખાતે યોજાનાર અધિવેશન અને સગપણ સમ્મેલન તથા મહિલા શિબિરની ચર્ચા કરવામાં આવી હતી. આમ રાજકોટ ઘટકમાં નિયમિત મુલાકાત દ્વારા સૌ સભ્યો ને મળી ને સમાજભાવના વધારવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ અખિલ ભારતીય મહિલા મહામંડળ

## સંસ્કાર શિબીર સમિતિ

### શ્રી ક.ગુ.ક્ષ. સમાજ ગુજરાત મહિલા પ્રાદેશિક સમિતિ આયોજીત
### શ્રી ક.ગુ.ક્ષ. સમાજ દ્વારકા, મીઠાપુર, ઓખા મહિલા મંડળ દ્વારા સહકારિત



શ્રીમતી ગીતાબેન એન. ચૌહાણ
પ્રમુખ, અ.ભા.મ.મહામંડળ

# જીવન સૌરભ સંસ્કાર શિબીર-૨૦૨૬

**તા. ૦૫/૦૬/૨૦૨૬, શુક્રવાર, સવારે ૯.૦૦ થી સાંજે ૬.૦૦**

સ્થળ : શ્રી ઓખા મંડળ ટ્રસ્ટ કચ્છી સમાજ ભવન - દ્વારકા



શ્રીમતી રીટાબેન વી. ચૌહાણ
મહામંત્રી, અ.ભા.મ.મહામંડળ

## મુખ્ય પ્રાયોજક દાતાશ્રી



શ્રીમતી નિતાબેન
વિનોદભાઇ સોલંકી
માધાપર



શ્રીમતી ઋતુબેન
મોહિતભાઇ સોલંકી
માધાપર

## સંસ્કાર શિબિર સમિતિ



શ્રીમતી રોહીણીબેન ચૌહાણ
અધ્યક્ષા



શ્રીમતી આશાબેન ચૌહાણ
મંત્રી



શ્રીમતી પ્રિતીબેન વરૂ
મંત્રી



શ્રીમતી તારાબેન ટાંક
મંત્રી



શ્રીમતી મેઘાબેન પરમાર
મંત્રી



શ્રીમતી કિરણબેન રાઠોડ
પ્રમુખ, ગુ.પ્રા.મ.મંડળ



શ્રીમતી દર્શનાબેન
પ્રમુખ, પ.ઝોન



શ્રીમતી દમયંતીબેન વાઢેર
પ્રુખ, દ્વારકા મ.મંડળ



શ્રીમતી પ્રિતીબેન ચૌહાણ
પ્રમુખ, ઓખા મ.મંડળ



શ્રીમતી ઉષાબેન રાઠોડ
પ્રમુખ, મીઠાપુર મ.મંડળ

## સંસ્કાર શિબીર કાર્યક્રમની રૂપરેખા

| | | |
|---|---|---|
| • પ્રાર્થના | • બપોરનો ભોજન વિરામ | • પ્રાસંગીક |
| • સ્વાગત | • ગેમ અને પ્રશ્નોતરી | • સમાપન |
| • દીપ પ્રાગટ્ય | • રાષ્ટ્રિય ઉદ્યોગિકા એવોર્ડ વિતરણ | • આભારદર્શન |
| • પ્રેરક વકતવ્યો તથા કેક આઈસિંગ પ્રોજેક્ટ | • સ્થાનિક ઉદ્યમી એવોર્ડ વિતરણ | • રાષ્ટ્રગીત |

### પાનખરમાં વસંત



શ્રીમતી જ્યોતિબેન રાઠોડ
જાલના

### સગપણ-લગ્ન સમસ્યા તથા ઉકેલ



શ્રીમતી અમિતાબેન સોલંકી-ભુજ
સ.પ્રમુખ, અ.ભા.મ.મહામંડળ

### સરકારી યોજનાઓની માહિતી



સી.એ. વિશાલ કુલકર્ણી
વડોદરા

### હિલ યોર માઇન્ડ એન્ડ બોડી



શ્રીમતી મેઘાબેન પરમાર
ભિલાઇ

### કેક આઈસિંગ પ્રોજેક્ટ



શ્રીમતી પ્રિતીબેન ચૌહાણ
રાજકોટ

દેવભૂમિ દ્વારકાના આંગણે આયોજીત મહિલા મંડળના જીવન મુલ્યોને માર્ગદર્શિત કરતી... વધાવતી અને ઉજાગર કરતી આ સંસ્કાર શિબીરમાં ભાગ લેવા બહેનોને સાદર નિમંત્રણ છે.

:: નિમંત્રક ::

**અખિલ ભારતીય મહિલા મહામંડળ ગુજરાત પ્રાદેશિક મહિલા મંડળ દ્વારકા, મીઠાપુર, ઓખા મહિલા મંડળ**

## શ્રી હંસવાહિની બ્રહ્માણી માતાજી ચૌહાણ પરિવાર - રેહા ચૈત્ર અષ્ટમી ઉત્સવ તા. ૨૬.૦૩.૨૬ની તસવીરી ઝલક

**મહાપ્રસાદ તથા મહાઆરતીના દાતાશ્રીઓ : શ્રી દિનેશભાઈ દામજીભાઈ ચૌહાણ પરિવાર - રેહા,**
**શ્રી હરિશભાઈ રણછોડભાઈ ચૌહાણ પરિવાર - માધાપર, શ્રી ગિરીશભાઈ મોરારભાઈ ચૌહાણ પરિવાર - કુકમા**





















# ।। હાર્દિક અભિનંદન ।।

**શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ નાગલપર ઘટકના નવનિયુક્ત સુકાનીઓને અભિનંદન સહ શુભેચ્છાઓ...**



## શ્રી ભગવાનજીભાઈ માધવજીભાઈ રાઠોડ
## (એડવોકેટ)
### પ્રમુખશ્રી
### શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ નાગલપર ઘટક



શ્રી કુંવરજીભાઈ
રણછોડભાઈ ટાંક
વ.સલા. પ્રમુખશ્રી ઘટક એવં
પૂર્વ પ્રમુખશ્રી મહાસભા



શ્રી ભરતભાઈ
મોહનભાઈ ટાંક
ઘટક મંત્રીશ્રી



શ્રી હિંમતભાઈ
પુરૂષોત્તમભાઈ રાઠોડ
ઘટક ઉપપ્રમુખશ્રી



શ્રી મહેશભાઈ
ધારશીભાઈ પરમાર
ઘટક સહમંત્રીશ્રી



શ્રી મોહનભાઈ
પરસોત્તમભાઈ રાઠોડ
સલાહકાર પ્રમુખશ્રી
ઘટક



શ્રી મોહનભાઈ
જીવરામભાઈ જેઠવા
ટ્રસ્ટીશ્રી



શ્રી હિરાલાલભાઈ
વલમજીભાઈ રાઠોડ
ટ્રસ્ટીશ્રી



શ્રી ભરતભાઈ
કાંતિલાલભાઈ વેગડ
ટ્રસ્ટીશ્રી



શ્રી દિલીપભાઈ
નરભેરામભાઈ રાઠોડ
ટ્રસ્ટીશ્રી



શ્રી અવનિશભાઈ
નરભેરામભાઈ જેઠવા
ટ્રસ્ટીશ્રી

:: શુભેચ્છક ::

શ્રી મણિલાલભાઈ માધવજીભાઈ રાઠોડ
શ્રી જગદીશભાઈ માધવજીભાઈ રાઠોડ
શ્રી શાંતિલાલભાઈ માધવજીભાઈ રાઠોડ
શ્રી બલરામભાઈ માધવજીભાઈ રાઠોડ
શ્રી લીલાધરભાઈ માધવજીભાઈ રાઠોડ
શ્રી વિનોદભાઈ માધવજીભાઈ રાઠોડ
શ્રી પ્રેમજીભાઈ માધવજીભાઈ રાઠોડ
શ્રી મનસુખભાઈ માધવજીભાઈ રાઠોડ
શ્રી વાસુદેવભાઈ માધવજીભાઈ રાઠોડ

**સ્વ. માધવજીભાઈ અરજણભાઈ રાઠોડ પરિવાર - નાગલપર**

# તરાના કેજીકે મ્યુઝિક ગ્રુપ મિલન સમારોહ-૭ અમરકંટક ૨૦૨૬ની અવિસ્મરણીય તસવીરો



# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ – જબલપુર

સહ વીર્યં કરવાવહૈ

## નવનિયુક્ત કાર્યવાહક સમિતિ - ૨૦૨૬ થી ૨૦૨૯

સંરક્ષક



શ્રી શરદભાઈ અમૃતલાલ વેગડ

સંરક્ષક



શ્રી પ્રદિપભાઈ અંબાલાલ ચૌહાણ

ચેરમેન



શ્રી કિરીટભાઈ ખીમજીભાઈ રાઠોડ

પ્રમુખ



શ્રી રમેશભાઈ કાનજીભાઈ ચૌહાણ

ઉપપ્રમુખ



શ્રી મુકેશભાઈ
અમરસીભાઈ ચાવડા

ઉપપ્રમુખ



શ્રી નરેશભાઈ
નરસીભાઈ રાઠોડ

મંત્રી



શ્રી પ્રકાશભાઈ
નટવરભાઈ ટાંક

સહમંત્રી



શ્રી શશીકાન્તભાઈ
મોરારભાઈ ચૌહાણ

સહમંત્રી



શ્રી રાકેશભાઈ
ગોપાલજીભાઈ પરમાર

કોષાધ્યક્ષ



શ્રી રાજેશભાઈ
નરસીભાઈ ચૌહાણ

સાંસ્કૃતિક મંત્રી



શ્રી વિજયભાઈ
હરિલાલભાઈ પરમાર

### :: કાર્યકારિણી સદસ્યો ::

શ્રી શાંતિલાલ ખીમજીભાઈ રાઠોડ
શ્રી ભુપેન્દ્રભાઈ અમૃતલાલ પરમાર
શ્રી નિલેશભાઈ છગનભાઈ પરમાર
ગં.સ્વ. ચંચલબેન અરવિંદભાઈ યાદવ
(મહિલા મંડળ પ્રમુખ)
શ્રીમતી તૃપ્તિબેન કિરીટભાઈ રાઠોડ

શ્રી હિતેન્દ્રભાઈ ગોવાલજીભાઈ પરમાર
શ્રી પુનિતનભાઈ અમરનાથભાઈ પરમાર
શ્રી સંકેતભાઈ સુધીરભાઈ રાઠોડ
શ્રી વિશાલ યોગેશભાઈ ચૌહાણ
(યુવા મંડળ પ્રમુખ)
શ્રીમતી ચેતનાબેન નરેશભાઈ રાઠોડ

શ્રીમતી યોગીતાબેન પ્રકાશભાઈ ટાંક

### :: સલાહકાર મંડળ ::

શ્રી સંજયભાઈ શાંતિલાલ ખોડીયાર
શ્રી લલીતભાઈ ગોપાલજીભાઈ પરમાર
શ્રી મોહિતભાઈ રમેશભાઈ ચૌહાણ

શ્રી વિપીનભાઈ મોહનભાઈ વેગડ
શ્રી મેહુલભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી
શ્રી અમિતભાઈ જવાહરભાઈ વેગડ

# હાર્દિક અભિનંદન સહ શુભેચ્છા



પૌરવ ટાંક સંગ હર્ષા ટાંક



હર્ષ ખોડિયાર સંગ જેતલ ખોડિયાર



શ્રેયાંશ ચાવડા સંગ વૃંદા ચાવડા

:: શુભેચ્છક ::

**શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ**
**નાગપુર મહિલા મંડળ**

# સેતુ સમાજ સંદેશ

## અગત્યની સુચના

(૧) આથી દરેક ઘટક, મહિલા મંડળ અને યુવા મંડળના હોદ્દેદારશ્રીઓને જણાવવાનું કે, 'સેતુ સમાજ સંદેશ'માં પ્રકાશીત કરવા માટેના સમાચારો લેટરપેડ પર લખી મોકલાવવા જરૂરી છે.

(૨) જેમની પાસે લેટરપેડ ન હોય તેમણે હોદ્દા સહિતની રબ્બર સ્ટેમ્પ લગાવવી જરૂરી છે.

(૩) ઈ-મેલથી મોકલાવવામાં આવતા સમાચારો ટાઇપ કરેલા અથવા સુવાચ્ય અક્ષરોમાં હોવા જરૂરી છે.

(૪) અહેવાલ, વિજ્ઞાપન વગેરે મોકલતી વખતે મોબાઇલ નંબર અવશ્ય લખવો. જેથી સંપર્ક કરી શકાય.

(૫) સેતુ સમાજ સંદેશમાં પ્રકાશિત કરવા માટેની માહિતિ તારીખ ૧૫ સુધીમાં અવશ્ય મોકલી આપવાની રહેશે.

નોંધ : પ્રકાશન માટેની કોઈપણ મેટર વોટ્સએપ પર ન મુકતા ફક્ત ઈ-મેલ દ્વારા મોકલાવવા વિનંતી.

E-mail : setusamaj@gmail.com - તંત્રીશ્રી

# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



**સ્વ. પુરૂષોત્તમભાઈ લાલજીભાઈ પરમાર**

સ્વ. તા. ૦૮-૦૨-૨૦૨૬, વિશાખાપટ્ટનમ

આપનું સાદગીભર્યું અને પરોપકારી જીવન અમારા માટે સદૈવ પ્રેરણાદાયી બની રહેશે. તમોએ આપેલ અમૂલ્ય સંસ્કારોના વારસાને અમો દિપાવીશું. પરમકુપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અને સદ્‌ગતી પ્રદાન કરે અને મોક્ષ આપે પ્રાર્થના... ૐ શાંતિ...

:: શોકમગ્ન પરિવારજનો ::

| | |
|---|---|
| કમલેશભાઇ પુરૂષોત્તમભાઇ પરમાર | (પુત્ર) |
| એક્તાબેન કમલેશભાઇ પરમાર | (પુત્રવધુ) |
| ધવલ કમલેશભાઇ પરમાર | (પૌત્ર) |
| ઉત્તમકુમાર પુરૂષોત્તમભાઇ પરમાર | (પુત્ર) |
| ભાવિકાબેન ઉત્તમકુમાર પરમાર | (પુત્રવધુ) |
| નાઇસા ઉત્તમકુમાર પરમાર | (પૌત્રી) |
| જીતેન્દ્રભાઇ પુરૂષોત્તમભાઇ પરમાર | (પુત્ર) |
| તનુજાબેન જીતેન્દ્રભાઇ પરમાર | (પુત્રવધુ) |
| પ્રનિતા જીતેન્દ્રભાઇ પરમાર | (પૌત્રી) |



# Vaibhav Anil Chawda

Raipur (C.G.)

## Education / Occupation :

| | | |
|---|---|---|
| Education | : | B.E. (Civil)<br>Diploma in Civil Engineering |
| Job/Occp. | : | Construction Business<br>(Building Work) |

## Personal Details :

| | | |
|---|---|---|
| Date of Birth | : | 3 December 1998 |
| Time of Birth | : | 1.30 pm |
| Place of Birth | : | Bhopal (M.P.) |
| Height | : | 5 Ft. 6 In. |

## Resi. Address :

| | | |
|---|---|---|
| Address | : | Vijay Soap Street,<br>Fafadih Chowk,<br>Station Road,<br>Raipur (C.G.) |
| Contact No. | : | **9425204546**<br>**9893521418** |

## Family Details :

| | | |
|---|---|---|
| Father | : | **Mr. Anil Purshottam Chawda** |
| Mother | : | **Mrs. Tripty Anil Chawda** |
| Grand Father | : | **Late Purshottam Chawda** |
| Grand Mother | : | **Late Pushpa P. Chawda** |
| Nanaji | : | **Chhotalal Khengar Rathod** |
| Naniji | : | **Jayya Rathod** |
| Mama | : | **Vishal Rathod** |
| Mosad Place | : | Bhopal |
| Kuldevi | : | Shri Brahmani Maa,<br>Shri Sikotar Maa |
| Native Place | : | Khambhara |
| Gotra | : | Kashyap |

**શ્રી ક.ગુ.ક્ષ. સમાજ અખિલ ભારતીય મહિલા મહામંડળ**

# નારી દર્પણ

સંસ્કાર સેવા સમાનતા



શ્રીમતી ગીતાબેન નટવરલાલ ચૌહાણ
પ્રમુખ : અ.ભા.મહિલા મહામંડળ
Mo. 9960471411

C/o.**શ્રીમતી રીટાબેન વિનોદભાઇ ચૌહાણ (મહામંત્રી)**
'મુક્તાંગન', પ્લોટ નં. ૧૪૬ થી ૧૪૮/બી, યોગેશ્વરધામ, ન્યુ એમ.ઇ.એસ. રોડ,
આર.ટી.ઓ. રીલોકેશન પાસે, ભુજ (કચ્છ)



શ્રીમતી રીટાબેન વિનોદભાઇ ચૌહાણ
મહામંત્રી : અ.ભા.મહિલા મહામંડળ
Mo. 9426454999


## અ.ભા.મ. મહામંડળ દ્વારા નિબંધ સ્પર્ધા યોજાઇ



આપણા સમાજના ભાઇ-બહેનોમાં લેખનનું મહત્વ વધે... તેમના મન અને મસ્તિષ્કમાં રહેલા સુંદર તથા સમાજ ઉપયોગી વિચારો શાબ્દિક રૂપે બહાર આવે તેવા ઉમદા વિચારથી અખિલ ભારતીય મહિલા મહામંડળ દ્વારા રાષ્ટ્રિય સ્તરની નિબંધ સ્પર્ધાનું આયોજન કરવારમાં આવેલ હતું. નિબંધનો વિષય હતો ''મારા જીવનમાં સમાજનું મહત્વ''. આ સ્પર્ધાના પ્રાયોજક દાતાશ્રી તરીકે અખિલ ભારતીય મહિલા મહામંડળના સહમંત્રી શ્રીમતી ભારતીબેન મહેન્દ્રભાઇ વરૂએ તેમનો સહયોગ આપેલ હતો.

લખશું આપણે... જીતશું આપણે... જીતશે સંસ્કાર... જીતશે સમાજ... ના ઉમદા ભાવ સાથે ભારતભરના વિવિધ ઘટકોથી આવેલ નિબંધ કૃતિઓના નિર્ણાયક તરીકે કચ્છ-ભુજના નામાંકિત સાક્ષરો ડૉ. મધુકાન્ત આચાર્ય (પૂર્વ જીલ્લા માધ્યમિક શિક્ષણાધિકારી અને લેખક), ડૉ. આશાબેન પંડ્યા (પ્રિન્સીપાલ, સરકારી માધ્યમિક શાળા) તથા શ્રીમતી ભાવિનીબેન ત્રિપાઠી (શિક્ષિકા, ઇન્દ્રાબાઇ ગર્લ્સ હાઇસ્કુલ)એ પોતાની સવા આપી હતી. લેખનશૈલીના વિવિધ પાસાઓને ધ્યાનમાં લઇ નિર્ણાયકશ્રીઓએ કરેલ નિર્ણય અનુસાર નિમ્નદર્શિત સ્પર્ધકોને વિજેતા જાહેર કરવામાં આવેલ હતા.

ઉષાબેન નવિનભાઇ ચૌહાણ - પ્રથમ (કુકમા), ગીતાબેન દિલીપભાઇ ચૌહાણ - દ્વિતીય (ભુજ), ઉમાબેન ભરતભાઇ ટાંક - તૃતિય (રાજનાંદગાંવ), વરૂ પૂજાબેન રતનશી - ચતુર્થ (માધાપર), આશ્વાસ વિજેતાઓ : વાઘેલા શિવાંગી રજનીકાન્ત - આદીપુર, ઉર્વિ મુકેશભાઇ મારૂ - અમદાવાદ, ભારતી એન. યાદવ - માધાપર, મેઘના જયંતિલાલ વરૂ - કુકમા, ગુંજન આનંદ વાઘેલા - આદીપુર, વેલુબેન નારાયણભાઇ ચાવડા - રાયપુર.

નિબંધ સ્પર્ધાના તમામ વિજેતાઓને અખિલ ભારતીય મહિલા મહામંડળના પ્રમુખ શ્રીમતી ગીતાબેન નટવરભાઇ ચૌહાણ, સલાહકાર પ્રમુખ શ્રીમતી અમિતાબેન વિજયભાઇ સોલંકી તથા મહામંત્રી શ્રીમતી રીટાબેન વિનોદભાઇ ચૌહાણ તરફથી અભિનંદન પાઠવવામાં આવેલ. દાતા શ્રીમતી ભારતીબેન વરૂ તથા નિર્ણાયકશ્રીઓનો પણ અખિલ ભારતીય મહિલા મહામંડળ તરફથી આભાર માનવામાં આવેલ હતો.

- રીટાબેન વી. ચૌહાણ - મહામંત્રી

## શિક્ષણ સમિતિ દ્વારા હનુમાનજીની ઉપાસના



હનુમાન જ્યંતિના પાવન દિવસે શ્લોક, સ્તુતિ, ભજન અને અન્ય પાઠ રાખેલ હતા. શિક્ષણ સમિતિના અધ્યક્ષા શ્રીમતી જ્યોતિબેન અરુણભાઈ રાઠોડ તથા પુરી ટીમનાં પ્રયત્નને અભિનંદન છે.. આજ રોજ ૭૫ થી ૮૦ બાળકો મોટી સંખ્યામાં ભાગ લીધેલ હતો. સર્વે ભાગ લીધેલ બાળકોની પ્રસ્તુતિ ખુબજ પ્રશંસનીય રહી હતી.

બાળકોમાં સંસ્કારો તેમજ ધર્મનું વિચારો પણ થાય તેમ જ આપણી સંસ્કૃતિનો વારસો આગળ વધે તેવા પ્રયાસો શિક્ષણ સમિતિ કરી રહી છે જે ખરેખર પ્રશંસનીય છે. આજે બાલ તરંગ ગ્રુપ એ ૧૨૦૦ થી ૧૫૦૦ બાળકો સાથે કાર્યરત છે જેમાં જ્ઞાન સાથે ગમ્મત.. તેમજ બાળકોના વિકાસના પ્રત્યેક વિષયોને મહત્વ આપવામાં આવે છે જેથી બાળકોનો સર્વાંગી વિકાસ થાય..

## બાલતરંગ ગ્રુપ દ્વારા ચિત્રકલા સ્પર્ધા યોજાઇ



અખિલ ભારતીય મહિલા મંડળ શિક્ષણ સમિતિ અંતર્ગત બાલ તરંગ ગ્રુપ તરફથી બાળકોના સર્વાંગી વિકાસ અર્થે એક ચિત્રકલા સ્પર્ધા લેવામાં આવેલી હતી.. જેમાં ૮૦+ લોકોએ ભાગ લીધેલો હતો.. જેમાં ૩ ગ્રુપ હતા.. બધા જ ગ્રુપમાં ખુબ સરસ સરસ ચિત્રો બનાવીને મુકેલા હતા બધા જ બધા જ ચિત્રો પ્રશંસાને પાત્ર છે..



વિજેતાઓને અભિનંદન પાઠવવામાં આવેલ. ચિત્રકલા સ્પર્ધાના દાતાશ્રી તરીકે અમને ગાંધીધામ મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી મોનાબેને સહયોગ કરેલો છે તે બદલ તેમનો ખુબ ખુબ

આભાર. આદરણીય શ્રી હિતેશભાઈ યાદવ તેમજ આચલ યાદવ ચિત્રકલા સ્પર્ધાના ત્રણેય ગ્રુપો માં આવેલ ચિત્રો નું જજમેન્ટ કરીને આપેલ હતું.

પરિણામ ગ્રુપ-૧ ઉંમર-૫ વર્ષ થી ૯ વર્ષ

૧. નિશિકા ખોડીયાર, ૨. ધાનવી રાઠોડ, ૩. જયંતિ ચૌહાણ, આશ્વાસન ઇનામ : ઇશિકા ચાવડા, દિવ્યતા ચાવડા,

ગ્રુપ-૨ ઉંમર:-૧૦ વર્ષ થી ૧૫ વર્ષ

૧. રેયાંશ પરમાર, ૨. મનન ચૌહાણ, ૩. સાર્થ રાઠોડ, કુશ ચાવડા, આશ્વાસન ઈનામો : મેદીની પરમાર, ચાહત ટાંક

ગ્રુપ-૩ ઉંમર:- ૧૬ વર્ષ થી ઉપર

૧. સિયા સંજય ટાંક, ૨. નમીષા ચૌહાણ, ૩. નિધિ વરુ

આશ્વાસન ઈનામો : ઓજસ્વી પરમાર, દર્શના પરમાર

સર્વે વિજેતાઓને હાર્દિક અભિનંદન. ચિત્રકલા સ્પર્ધા ને આપેલા ભરપૂર પ્રતિસાદ માટે આપ સર્વે નો ખુબ ખુબ આભાર.

## છત્તીસગઢ પ્રા.મહિલા મંડળ

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ છત્તીસગઢ પ્રાદેશિક મહિલા મંડળ દ્વારા ચૈત્ર નવરાત્રીના પાવન અવસરમાં સામુહિક નવધા ભક્તિ દેવી સાધના કાર્યક્રમ તા. ૧૯-૦૩-૨૦૨૬ થી ૨૬-૦૩-૨૦૨૬ સુધી રાખવામાં આવેલ. આ કાર્યક્રમ ગુગલ મીટ પર ઓનલાઇન જોડાઇને રાખવામાં આવેલ. છ.ગ. પ્રાદેશિકના અંતર્ગત આવતા ઘટકના મહિલા મંડળો દ્વારા પ્રસ્તુતી આપવામાં આવેલ. નવરાત્રિના નવ દિવસ સુધી પ્રત્યેક મહિલા મંડળ દ્વારા સામુહિક પાઠ કરી જીવનમાં શક્તિ અને શાંતિ સમૃદ્ધિ માટે પાઠ કરેલ. પ્રત્યેક દિવસ નિર્ધારીત સમયમાં બે મહિલા મંડળની પ્રસ્તુતી ગુગલ મીટ એપ.માં હતી. જેમાં ભાટાપારા - ભવાની અષ્ટકમ, બાગબહારા - દુર્ગાપાદુદ્વારા સ્તોત્ર, ભિલાઇ - મહિષાસુર મર્દિની, બિલાસપુર - દેવી અપરાધક્ષમાપન સ્તોત્ર, ચિરમિરી - અન્નપુર્ણા સ્તોત્ર, ડોંગરગઢ - અષ્ટલક્ષ્મી સ્તોત્ર, દુર્ગ - દુર્ગા સ્તોત્ર, જગદલપુર - એક શ્લોકી દુર્ગા અને વિશ્વંભરી સ્તુતી, કોરબા - દુર્ગા ચાલિસા, કુમ્હારી - વિંધ્યવાસિની સ્તોત્ર, મહાસમુન્દ - ગાયત્રી ચાલિસા, મનેન્દ્રગઢ - ભવાની અષ્ટકમ, રાયગઢ - મહિષાસુર મર્દિની, રાજનાંદગાંવ - વિશ્વંભરી સ્તુતી, રાયપુર - દેવી અપરાધ ક્ષમાપન સ્તોત્ર અને અંબેમાની આરતી.

આવી રીતે ૧૫ ઘટકના મહિલા મંડળએ આ સ્તોત્રનું સામુહીક પઠન ઓનલાઇન કરેલ. રોજ કાર્યક્રમમાં લગભગ ૫૦-૬૦ બહેનો જોડાઇ લાભ લીધેલ. આ કાર્યક્રમમાં અખિલ ભારતીય મહિલા મહામંડળના સર્વે પદાધિકારી બહેનો જોડાઇને કાર્યક્રમનું લાભ લીધેલ. સાથે છ.ગ. પ્રાદેશિક અને દરેક મહિલા મંડળના બહેનો જોડાયા હતા. છ.ગ.પ્રા. મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી નીતાબેન રાજેશભાઇ રાઠોડના અધ્યક્ષતામાં આ કાર્યક્રમ ખુબજ સારી રીતે સંપન્ન થયેલ. ઓનલાઇન કાર્યક્રમનું સંચાલન મેઘાબેન પરમાર દ્વારા કરવામાં આવેલ. આ કાર્યક્રમની રૂપરેખા શ્રીમતી અરૂણાબેન ચૌહાણ દ્વારા કરવામાં આવેલ. અખિલ ભારતીય મહિલા મંડળના સર્વે પદાધિકારીઓ, છ.ગ.પ્રાદેશિકના અંતર્ગત સર્વે ઘટકના મહિલા મંડળના બહેનોનું આભાર માનેલ.

## જબલપુર મહિલા મંડળ



મહિલા મંડળ જબલપુર દ્વારા હોલી મિલન અને આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે એક સુંદર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત ભજન સાથે કરવામાં આવી, જેમાં બહેનોએ ભક્તિભાવથી સુંદર પ્રસ્તુતિ આપી હતી.

ત્યારબાદ રાધા-કૃષ્ણના રૂપમાં સુંદર નૃત્ય અને સંગીત સાથે મનમોહક નૃત્ય રજૂ કરવામાં આવ્યું, જેને તમામ ઉપસ્થિત સભ્યો દ્વારા ખૂબ પ્રશંસા મળી. કાર્યક્રમ દરમિયાન મોજમસ્તી માટે રમતો અને હાઉજીનું પણ આયોજન કરવામાં આવ્યું, જેમાં બહેનો ઉત્સાહપૂર્વક જોડાઈ હતી. મંડળમાં ઉત્તમ કાર્ય કરનાર બે બહેનોનું સન્માન પણ કરવામાં આવ્યું, જે કાર્યક્રમનો વિશેષ આકર્ષણ રહ્યો. કાર્યક્રમના અંતે સ્વાદિષ્ટ નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી. ત્યારબાદ મહિલા મંડળ જબલપુરની મંત્રી શ્રીમતી સોનિયાબેન પરમાર દ્વારા આભાર વ્યક્ત કરી કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું. આ સમગ્ર કાર્યક્રમ આનંદ, ઉત્સાહ અને એકતાના વાતાવરણમાં સફળતાપૂર્વક પૂર્ણ થયો.

## નાગપુર મહિલા મંડળ



દર વર્ષ પ્રમાણે આ વર્ષે પણ મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી ગિતિકાબેન યોગેશભાઇ ચૌહાણની પ્રેરણાથી મહિલા મંડળના કાર્યકારોના સહયોગથી હોળી મિલનનું કાર્યક્રમ શ્રીમતી રેખાબેન ત્રિભુવનભાઇ યાદવના નિવાસ સ્થાને ઉજવવામાં આવ્યું હતું. જેમાં રેખાબેનને તેમના પુત્ર દિપકભાઇ અને પુત્રવધત્ર ચેતનાબેને ખુબ મજા કરાવી હતી. તેમના દ્વારા હાઉઝી પણ રમાડવામાં આવી હતી. જેમાં બધી બહેનોને ખુબ મજા આવી હતી. વચ-વચમાં હોળી સ્પેશ્યલ ઠંડાઇ પીવડાવવામાં આવી હતી અને ફુલોથી અને ગુલાલથી હોળી પણ રમાડવામાં આવી હતી. ત્યાર બાદ મહિલા મંડળની બહેનોને નાની-નાની વધુ દ્વારા હોળીના ગીતો ઉપર ડાન્સને ગરબા પણ રમીને હોળીનો ઉત્સાહ બે ગણો વધી ગયો હતો. ત્યાર બાદ કાનુડાને ઝુલામાં બેસાડીને કાન્હા સાથે હોળી રમી. બાદ રેખાબેન યાદવે મહિલા મંડળના પ્રમુખ ગિતીકાબેન યોગેશભાઇ ચૌહાણનું સ્વાગત ગીફ્ટ અને બુકે દ્વારા કરવામાં આવ્યું હતું. પછી સર્વે બહેનો મળીને કાનુડાની આરતી કરી હતી. ત્યાર બાદ રેખાબેન યાદવ તરફથી અલ્પાહાર રાખવામાં આવેલ. બહેનોએ અલ્પાહારનો આનંદ માણી ગિતીકાબેને રેખાબેનનો આભાર માની વિદાય લીધી હતી.

## આદિપુર મહિલા મંડળ



આદિપુર મહિલા મંડળની કીટીપાર્ટીનું આયોજન તા. ૦૩-૦૩-૨૦૨૬ના રોજ જાન્વીબેન જતીનભાઇ ચૌહાણના ઘરે કરેલ હતું. પ્રભુ પ્રાર્થના બાદ શિવરાત્રીની ઉજવણી અંગે ચર્ચા-વિચારણા કરેલ. ત્યાર બાદ હાઉજી ગેમ રમેલ. ત્યાર બાદ એક મિનિટ ગેમ રમેલ. તેમાં પ્રથમ નીતાબેન જગદીશભાઇ ટાંક આવેલ. તેમજ બીજી પણ વન મિનિટ ગેમ રમેલ. તેમાં પણ પ્રથમ નીતાબેન જગદીશભાઇ ટાંક જ આવેલ. જાન્વીબેન તરફથી તેમને ઇનામ આપવામાં આવેલ. ત્યાર બાદ અલ્પાહાર કરી બધા છુટા પડેલ હતા.

મહિલા મંડળ દ્વારા તા. ૨૮-૦૨-૨૦૨૬ના રોજ મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી અનિતાબેન નિતિનભાઇ ટાંકના અધ્યક્ષ સ્થાને શ્રીમતી તૃપ્તીબેન રાજેશભાઇ વાઢેરના ઘરે મીટીંગ રાખવામાં આવી હતી. જેમાં વેલકમ ડ્રીંક અને ગેમ્સથી શરૂઆત કરી હતી. ત્યાર બાદ પ્રભુ પ્રાર્થના અને પાનના શરબતથી શરૂઆત થઇ હતી. બચપણની થીમ રાખવામાં આવી હતી. જેમાં ઘણા બહેનોએ ભાગ લઇ બચપન કી પાઠશાલાની મજા માણી હતી. ત્યાર બાદ એક મિનિટની સ્પર્ધા રાખવામાં આવી હતી. જેમાં પ્રથમ નેહાબેન રહ્યા હતા. તેમણે બધાને ખુબ હસાવ્યા હતા. બીજા ક્રમે મિતલબેન ચૌહાણ અને ત્રીજા ક્રમે અનિતાબેન ટાંક રહ્યા હતા. તૃપ્તીબેન વાઢેર તરફથી વિજેતાઓને ઇનામ આપવામાં આવ્યા હતા. ત્યાર બાદ સિંગચણા, ચોકલેટ-બિસ્કીટ આપીને બચપણની યાદ તાજી કરાવી હતી. ત્યાર બાદ ખુબજ સરસ ટેસ્ટી નાસ્તો કરી બધીએ મોજ માણી હતી. નેહાબેન બચપન સ્ટાઇલમાં તૈયાર થઇને આવ્યા હતા અને બધાને ખુબ સરસ હાસ્યરસ પીરસીને ખુબ સરસ પરફોમ કર્યું હતું. બચપણની યાદ તાજી કરી અને બધાએ આનંદ માણ્યો હતો.

## રાયપુર મહિલા મંડળ



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ રાયપુર મહિલા મંડળ દ્વારા તા. ૨ માર્ચ, સોમવારના દિવસે મહિલા મંડળની બી.સી. સાથે હોલી મિલનનું કાર્યક્રમ રાખવામાં આવેલ હતું. કાર્યક્રમની શરૂઆત પ્રભુ પ્રાર્થના અને ભજન સાથે કરવામાં આવેલ. ત્યાર બાદ સમાજની વિભિન્ન ગતિવિધિઓ અને આવતા નવા કાર્યક્રમોની ચર્ચા કરી બી.સી. અને હૌજી રમાડવામાં આવેલ. ત્યાર પછી હોલી મિલન કાર્યક્રમ ઉજવવામાં આવેલ. સર્વે બહનોએ એકબીજાને ગુલાલ રંગ લગાડી, હોળીની બધાઇ આપેલ. હોલીની સુંદર વ્યવસ્થા આયોજક સમિતિના બહેનો દ્વારા કરવામાં આવેલ હતી. મંડળની સર્વે બહેનો એ અંગે ગુલાલ રમતા મજા કરતા સુંદર સુંદર રીલ બનાવી આનંદ મેળવેલ સાથે વિભિન્ન ગેમ્સ સાથે રાસ ગરબાનું પણ આનંદ લીધેલ. કાર્યક્રમના અંતમાં બી.સી.ની બહેનો દ્વારા સ્વાદિષ્ટ સ્વલ્પાહારની વ્યવસ્થા કરી હતી. ત્યાર બાદ ગેમ્સમાં વિજેતા બહેનોને પ્રાઇઝ આપવામાં આવેલ.

મંડળની સર્વે બહેનોએ આપસમાં હોળી રમીને શુભકામના આપી વિદાય લીધી હતી. ત્યારબાદ ૮ માર્ચના આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના ઉપલક્ષમાં મહિલા મંડળ દ્વારા મહિલાઓના સ્વાસ્થ્યના પ્રતિ જાગૃત કરવા માટે નિઃશુલ્ક કેન્સર જાંચ કેમ્પનું આયોજન સમાજ ભવનમાં કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત પ્રભુ પ્રાર્થના સાથે કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ રૂપે ઘટક પ્રમુખ શ્રી હેમંતભાઇ ગોહિલ, સેવા સમિતિથી શ્રી સતીષભાઇ ચાવડા સાથે ઉદયભાઇ વરૂ અને રાજેશભાઇ રાઠોડ ઉપસ્થિત હતા. સાથે મંડળની સર્વે બહેનો અને સભ્યો ઉપસ્થિત હતા.

આ શિબિરનું આયોજન મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી મનિષાબેન સોલંકીના નેતૃત્વમાં કરવામાં આવેલ. જેમાં સ્ત્રી રોગ વિશેષજ્ઞ શ્રીમતી પ્રિતીબેન રાઠોડ સાથે ડૉ. પૂજા ગર્ગ (એમ.ડી. પેથોલોજીસ્ટ) દ્વારા પૂર્ણ ગોપનીયતા સાથે જાંચ કરાવામાં આવેલ. જેમાં (૧) પેપ સ્મીયર (૨) સીએ ૧૨૫ રક્ત પરિક્ષણ (૩) યોની સાયકોલોજીનું ટેસ્ટ કરવામાં આવેલ. મંડળની લગભગ ૩૫ બહેનોએ સ્વાસ્થ્ય લાભ લીધેલ. ડૉ. પ્રિતીબેન અને ડૉ. પૂજા ગર્ગ દ્વારા મહિલાઓની સમસ્યાઓ અને નિદાનની જાણકારી આપી હતી. હેલ્થ કેમ્પના કાર્યક્રમના અંતમાં ડૉક્ટર્સ અને તેમના સહયોગી ભાઇઓ અને બહેનોનું મંડળ દ્વારા સમ્માન કરી આભાર પ્રગટ કરવામાં આવેલ.

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ રાયપુર મહિલા મંડળ દ્વારા મહિલા દિવસ અને મહિલા મંડળને ૫૦ વર્ષ પૂર્ણ થતાં સ્વર્ણ જયંતીના ઉપલક્ષમાં એક વિશેષ આયોજન કરવામાં આવેલ. સમાજની દીકરીઓ અને વર્તમાનની સામાજીક ચુનોતીઓના પ્રતિ જાગૃત કરવા માટે મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી મનિષાબેન સોલંકીના નેતૃત્વમાં



મંડળ દ્વારા બુધવાર, તા. ૧૧ માર્ચના દિવસે નિઃશુલ્ક ચેરીટી શોનું આયોજન "કેરલા-૨" સ્ટોરી ફીલ્મ શોનું આયોજન સિટી સેન્ટર મોલ પંડરીના સિનેમા હોલમાં કરવામાં આવેલ. લગભગ ૨૫૦ સમાજબાંધવોએ ફિલ્મનો લાભ લીધો હતો. ચેરીટી શોના આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિના રૂપે મહાપૌર શ્રીમતી મીનલ ચૌબેજી ઉપસ્થિત હતા સાથે એમ.આઇ.સી. સદસ્ય મહેન્દ્રભાઇ ખોડીયાર ઉપસ્થિત હતા. મહિલા મંડળના સંરક્ષક શ્રીમતી વેલુબેન ચાવડા અને મંડળના સર્વે પદાધિકારી બહેનોની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. ચેરીટી શોમાં મહાસભાના માનદ્ સભ્ય શ્રી રસીકભાઇ પરમાર, ઘટક પ્રમુખ શ્રી હેમંતભાઇ ગોહિલ, સેવા સમિતિ પ્રમુખ શ્રી ભરતભાઇ ચાવડા, યુવા મંડળ પ્રમુખ શ્રી ચેતનભાઇ પરમાર, સમાજના ગૌરવ કૃષિ પંડિત શ્રી નારાયણભાઇ ચાવડા સાથે સમાજના સર્વે સમ્માનનીય જન ઉપસ્થિત રહ્યા હતા. નિઃશુલ્ક ચેરીટી શોના આયોજન કરવા માટે ગુપ્ત દાનદાતાશ્રીનું મહિલા મંડળ દ્વારા આભાર માનવામાં આવેલ. પાર્ષ શ્રી મહેન્દ્રભાઇ ખોડીયાર અને શ્રી ભરતભાઇ ચાવડાનું મંડળને પૂર્ણ સહયોગ મળેલ જેનાથી કાર્યક્રમ સફળ રહ્યું હતું.

## કાગજનગર-રેબેન્ના મહિલા મંડળ



કાગજનગર-રેબેન્ના મહિલા મંડળ દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ કાર્યક્રમ, રેબના માતાજીના મંદિરમાં મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી પ્રીતિબેન પ્રવિણભાઇ ખોડિયારના અધ્યક્ષસ્થાને કરવામાં આવેલ. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય કરી, ગણેશ વંદનાથી થઇ. મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી પ્રીતિબેન ખોડિયારે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ઉપર માહિતી આપી અને પોતાના વિચારો રજુ કર્યા હતા. સમાજના બહેનોએ પણ આંતરરાષ્ટ્રીય દિવસ પર પોતાના વિચાર વ્યક્ત કર્યા હતા. લતાબેન વરૂ, રૂપલબેન ટાંક અને સંધ્યાબેન યાદવ દ્વારા એક નાનો એવો હાસ્યનો ટેકાની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. સર્વે મળીને તંબોલા ગેમ રમ્યા હતા. વિજેતાઓને પ્રાઇઝનું વિતરણ મહિલા મંડળ પ્રમુખ રીમતી પ્રીતિબેન પ્રવિણભાઇ ખોડિયાર તરફથી કરવામાં આવેલ.

પ્રથમ - રૂપલબેન મુકેશભાઇ ટાંક, દ્વિતીય - મીતાબેન હરેશભાઇ ખોડિયાર, તૃતિય - ઉષાબેન ધર્મેન્દ્રભાઇ ચૌહાણ. છેલ્લે પ્રીતિબેનએ નારી વિશે એક નાની કવિતા પ્રસ્તુત કરી હતી. સર્વે બહેનોએ નાસ્તાનો આનંદ લીધો હતો. સારા પ્રમાણમાં બહેનોએ પોતાની ઉપસ્થિતિ આપેલ હતી. સર્વેના સહકારથી કાર્યક્રમ સફળ રહ્યો હતો. સર્વે બહેનોએ સ્નેહભેર વિદાય લીધી હતી.

તા. ૦૪-માર્ચ-૨૦૨૬ના કાગજનગર-રેબેન્ના ઘટકના સમાજ ભવનમાં હોલી મિલનના કાર્યક્રમનું આયોજન કરેલ. સમાજના સર્વે ભાઇઓ-બહેનો, યુવા મંડળ અને બાળકોએ સારા પ્રમાણમાં ઉપસ્થિતિ આપેલ. વિવિધ પ્રકારના કાર્યક્રમનું આયોજન કરેલ. બાળકો અને બહેનો દ્વારા નૃત્ય પ્રસ્તુત કરવામાં આવ્યા હતા. તંબોલા ગેમ રમાડવામાં આવી હતી. વિજેતાઓ યાસીકા ઘનશ્યામભાઇ વરૂ, દિલશાહ હરીશભાઇ ટાંક, કલ્પનાબેન ટાંકને પ્રાઇઝનું વિતરણ શ્રીમતી સંગીતાબેન યોગેન્દ્રભાઇ વરૂ તરફથી કરવામાં આવેલ. નાસ્તાનો આનંદ લઇ સર્વે હરખભેર છુટા પડ્યા હતા.

## કટક મહિલા મંડળ



તારીખ ૦૮/૦૩/૨૦૨૬, રવિવાર ના દિવસે કટક ઘટક મહિલા મંડળ તથા યુવા મંડળના સંયુક્ત પ્રયાસથી હોળી તથા મહિલા દિવસના ઉપલક્ષમાં એક સુંદર કાર્યક્રમનો આયોજન કરવામાં આવેલ હતો. તેમાં ગીત સંગીતની, ભજન કીર્તન સાથે સાથે હોળી ગુલાલ તથા ફૂલોની વર્ષા ને સાથે બધાએ અત્યંત આનંદ કરેલ હતો. નાના બાળકો એ સુંદર સંસ્કૃતિક કાર્યક્રમ પ્રસ્તુત કર્યો હતો. અંતે પ્રસાદના સાથે કાર્યક્રમનો અંત કરવામાં આવેલ હતો અને બધા પોતાના સુંદર યાદોને વગવતા પાછા ફર્યા હતા. આ કાર્યક્રમ માં કટક ઘટક ના વડીલો, ભાઈયો, બહેનો તથા નાના ભૂલકાઓ સાથે પૂર્વ ઓડિશા પ્રાદેશિક પ્રમુખ શ્રી દિનેશ ભાઈ નાનાલાલ ભાઈ ટાંક, કટક ઘટક પ્રમુખ શ્રી પ્રકાશ ચંદ્ર ભાઈ દેવજી ભાઈ ટાંક, કટક ઘટક મહિલા મંડળ ના પ્રમુખ શ્રીમતી ઈલા બેન ત્રિકમલાલ ભાઈ ટાંક, કટક ઘટક યુવા મંડળ ના પ્રમુખ શ્રી સિદ્ધાર્થ ભાઈ યોગેશ ભાઈ રાઠોડ ઉપસ્થિત હતા.

## કેંજોરગઢ મહિલા મંડળ



તા. ૦૮-૦૩-૨૦૨૬ના રોજ કેંજોરગઢ મહિલા મંડળ દ્વારા સમાજવાડીમાં વિશ્વ મહિલા દિવસ નિમિત્તે સુંદર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી રેખાબેન યાદવના અધ્યક્ષસ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં ઉપપ્રમુખ શ્રીમતી દમયંતીબેન ચાવડા, મંત્રી શ્રીમતી પુનીતાબેન રાઠોડ, સહમંત્રી શ્રીમતી અલકાબેન રાઠોડ તથા કોષાધ્યક્ષ શીતલબેન ચાવડા મંચ પર બિરાજમાન રહ્યા હતા. માતાજીની પ્રતિમા સમક્ષ દીપ પ્રજ્વલિત કરીને કાર્યક્રમનો શુભ આરંભ કરવામાં આવ્યો હતો. શ્રીમતી રીતાબેન રાઠોડ, શ્રીમતી લિપિબેન રાઠોડ, શ્રીમતી ખુશ્બૂબેન ચાવડા, શ્રીમતી પ્રીતિબેન પરમાર, શ્રીમતી ઉર્વીબેન ચાવડા તથા શ્રીમતી ધનગૌરીબેન રાઠોડે મહિલા દિવસના મહત્વ અંગે ઉદ્‌બોધન આપ્યું હતું.

શ્રીમતી પાયલબેન રાઠોડ, શ્રીમતી મયુરીબેન ચાવડા, શ્રીમતી કિર્તીબેન રાઠોડ, શ્રીમતી લીનાબેન પઢીયાર, શ્રીમતી ગાયત્રીબેન યાદવ તથા શ્રીમતી અલકાબેન સોલંકીએ ભારતના વિવિધ પ્રાંતોના વેશભૂષા ધારણ કરીને પોતાની કલાઓનું સુંદર પ્રદર્શન કર્યું હતું. તેમજ કુ. આરાધ્યાબેન, શ્રીમતી લિપિલેખાબેન રાઠોડ, શ્રીમતી અરુણાબેન ચાવડા, શ્રીમતી કાંતાબેન રાઠોડ, શ્રીમતી રીતાબેન રાઠોડ, શ્રીમતી દીપ્તિબેન રાઠોડ, શ્રીમતી હંસાબેન રાઠોડ, શ્રીમતી રેખાબેન યાદવ તથા શિતલ બેન ચાવડા એ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા હતા. ત્યારબાદ સૌએ મળીને આનંદપૂર્વક રાસ-ગરબા રમ્યા હતા. અંતે સ્વાદિષ્ટ અલ્પાહાર સાથે કાર્યક્રમનું સમાપન થયું હતું.

તા. ૦૨-૦૩-૨૦૨૬ના રોજ હોલિકા દહનના પાવન અવસરે સમાજવાડી ખાતે હોલિકા દહન કરવામાં આવ્યું હતું. સાંજે ૭:૦૦ વાગ્યે પૂજા-પાઠ કર્યા બાદ હોળી પ્રગટાવવામાં આવી હતી. સમાજના સર્વે બાંધવો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી હોલિકા દહનના દર્શનનો લાભ લીધો હતો.

## માધાપર મહિલા મંડળ



માધાપર મહિલા મંડળ દ્વારા ઘટકની બહેનો માટે ''સખી સંગમ-૨૦૨૬'' કાર્યક્રમનું આયોજન પ્રમુખ તારાબેન ટાંકની અધ્યક્ષતામાં એક દિવસ માટે રાખવામાં આવેલ. પ્રાર્થના અને સ્વાગત બાદ પૂજાબેન પરમાર દ્વારા ''યોગા વિથ દુપટ્ટા'' કરાવવામાં આવ્યા હતા. માતાની સાથે દિકરીઓ પણ સમાજમાં જોડાય તે માટે ''મમ્મી દીકરી''ની જોડીમાં ગેમ રાખવામાં આવેલ. ભાવિનીબેન મહેતા દ્વારા પંચશિલના સિદ્ધાંત ઉપર વકતવ્ય અને યુવતી મંડળ દ્વારા ગેમ રમાડવામાં આવેલ. ત્યાર બાદ મહિલા મંડળ દ્વારા બપોરના ભોજની વ્યવસ્થા રાખવામાં આવેલ હતી.

બપોર બાદના શેષનમાં સામાજીક પ્રશ્નોતરી અને જુથ ચર્ચા રાખવામાં આવેલ. પ્રોફેશનલ કલાકાર દિનેશભાઇ ગઢવી દ્વારા વિવિધ ફની ગેમ અને હાસ્ય વિનોદનો પ્રોગ્રામ રાખવામાં આવેલ હતો. મંડળ તરફથી ખુબ સારી સંખ્યામાં ઇનામો આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં નિતાબેન સોલંકી અને તારાબેન ટાંકનો સાથ-સહકાર રહેલ. કાર્યક્રમના અંતમાં લક્કી ડ્રો તેમજ ગરબા વિથ ગેમ રાખવામાં આવેલ. બહેનો તથા બાળકો ખુબજ ઉત્સાહથી જોડાયા હતા. કારોબારીની બહેનો દ્વારા દ્વારકા પ્રવાસનું આયોજન રાખવામાં આવેલ. મંડળ દ્વારા દ્વારકા મંદિરમાં ભંડારામાં ભોગ પ્રસાદ ચડાવેલ.

## કુકમા મહિલા મંડળ



શ્રી ક.ગુ.ક્ષ. સમાજ કુકમા મહિલા મંડળ દ્વારા તા. ૨૧-૦૩-૨૦૨૬ના મિસ્ત્રી સમાજવાડી મધ્યે મહિલા દિવસ ઉજવણી મંડળના પ્રમુખ શ્રીમતી શોભનાબેન જયપ્રકાશભાઇ ટાંકના અધ્યક્ષ સ્થાને રાખવામાં આવેલ હતી. આ કાર્યક્રમની શરૂઆત શ્રી હનુમાન ચાલિસાનું સમુહ પાઠ કરી બહેનો દ્વારા શરૂ કરેલ હતું. અતિથી વિશેષ કુકમા ગામના સરપંચ શ્રીમતી રસિલાબેન શિવલાલ રાઠોડ તેમજ અન્ય મહેમાનોના કરકમળ દ્વારા દિપ પ્રાગટ્ય કરવામાં આવેલ હતું.

આ કાર્યક્રમમાં અ.ભા.મહિલા મહામંડળના સલાહકાર શ્રીમતી અનસુયાબેન જે. પરમાર, યુવતી મંડળના પ્રમુખ શ્રીમતી આનંદીબેન ચૌહાણ, સલાહકાર શ્રીમતી ભાનુબેન પરમાર, ઉપપ્રમુખ ભાવનાબેન પરમાર, ખજાનચી ભાવનાબેન ચૌહાણ, સહમંત્રી અર્ચનાબેન પરમાર, લલીતાબેન વરૂ તેમજ સર્વે કારોબારી સભ્યોએ આ કાર્યક્રમને સફળ બનાવેલ.

સાંસ્કૃતિક સમિતિની બહેનોએ વિણાબેન પરમાર, પ્રીતિબેન રાઠોડ, ભાવનાબેન પરમાર, મનિષા યાદવ, ક્રિષ્ના ટાંક, દક્ષાબેન ટાંક, દિપાબેન ચૌહાણ દ્વારા રમત-ગમતની વ્યવસ્થા ખુબજ સારી ગેમ બે વિભાગમાં ૪૦ વર્ષ સુધીની બહેનો અને ૪૦ થી ૬૦ વર્ષની બહેનો દ્વારા રમાડેલ મ્યુઝીક સંગીત સાથે જેમાં આવેલ વિજેતાઓને ઇનામો આપવામાં આવેલ હતા.

સરપંચશ્રી દ્વારા ઉદ્‌બોધનમાં જણાવેલ કે બહેનોમાં જાગૃતિ લાવા શિબિરો, અન્ય કાર્યક્રમો કરવા જરૂરી છે. જેના દ્વારા મહિલામાં રહેલી શક્તિઓને બહાર લાવવાનો મોકો મળે છે. તેવા પ્રયત્નો મહિલા મંડળોએ કરવા જોઇએ. ત્યાર બાદ ઉદ્યોગિકા એવોર્ડ મેળવનાર શ્રીમતી આનંદબીને ચૌહાણનું વિશિષ્ટ સિદ્ધી મેળવવા બદલ તેમનું સન્માન કરેલ. પ્રત્યુત્તરમાં તેમણે મહિલા મંડળનો આભાર વ્યક્ત કરેલ હતો તેમજ વિશિષ્ટ સિદ્ધિ મેળવનાર ભુજ તાલુકા મહિલા મોરચાના ઉપપ્રમુખ પદે નિયુક્ત થનાર શ્રીમતી શોભનાબેન જે. ટાંકનું સન્માન કરેલ. સર્વે કારોબારી બહેનોએ અભિનંદન આપતાં સન્માન કરેલ. ત્યાર બાદ મહિલાઓને સંદેશ આપતું બહેનો દ્વારા એક પરફોમન્સ રજુ કરવામાં આવેલ.

લક્કી ડ્રો, ઇનામી ડ્રો તેમજ સામાજીક સમસ્યાઓ વિશેની પ્રશ્નોતરી, ધાર્મિક પ્રશ્નોતરી, જનરલ નૉલેજ, મહિલા પ્રશ્નોતરી યોજવામાં આવેલ. જેમાં બહેનો સ્ટેજ ઉપર બોલતી થાય એ હેતુથી આ પ્રશ્નોતરીમાં બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધેલ અને ઇનામો જીત્યા હતા. દરેકને પ્રોત્સાહિત ઇનામો આપ્યા હતા.

વિશ્વચકલી દિવસ નિમિત્તે ચકલા ઘરનું વિતરણ મંડળ દ્વારા કરવામાં આવેલ તેમજ જયનેશભાઇ વરૂના સહયોગથી કરણી કૃપા વિક્રમભાઇ તરફથી પાણીના કુંડા બહેનોને વિતરણ કરવામાં આવેલ. મહિલા મંડળ સર્વે દાતાઓનો આભાર વ્યક્ત કરેલ. અંતમાં આઇસક્રીમ કોન અલ્પાહાર કરી સર્વે છુટા પડેલ હતા. સર્વે કાર્યકર્તા બહેનોનો આભાર વ્યક્ત કરેલ. કાર્યક્રમનું સંચાલન શ્રીમતી ઉષાબેન ચૌહાણ દ્વારા કરવામાં આવેલ હતું.

પૂ. મોરારી બાપુની કથામાં એક દિવસ સેવાનો લાભ મળેલ હતો. જેમાં કુકમા મહિલા મંડળની ૬૦ જેટલી બહેનોએ સેવાનો લાભ લીધેલ હતો. કુકમા મહિલા મંડળ દ્વારા તા. ૫-૩-૨૦૨૬ના ગઢશીશા જીજ્ઞેશદાદાની કથામાં બસ દ્વારા સર્વે બહેનોએ કથાનો લાભ લીધેલ હતો. વળતાં રસ્તામાં આવતા સ્થળો, આદી યોગી, સ્મૃતિવન જેવા સ્થળોએ દર્શન કરેલ.

## ઉદયપુર મહિલા મંડળ



મહિલા મંડળ ઉદયપુર દ્વારા ૮ માર્ચના શ્રીમતી આશાબેન નરેન્દ્રભાઈ ચૌહાણના નેતૃત્ત્વ હેઠળ મહિલા દિવસ ઉજવવામાં આવ્યો. તેમાં સર્વપ્રથમ બધાય બહેનોને તિલક કરી અને ચોકલેટ આપી બહેનોનો સ્વાગત કરવામાં આવ્યો. જાગ્રતીબેન, ડિમ્પલબેન અને લતાબેન દ્વારા ગણપતિ વંદનાની પ્રસ્તુતિ આપવામાં આવી. ત્યારબાદ પ્રમુખ શ્રીમતી આશાબેન નરેન્દ્રભાઈ ચૌહાણએ બધાએ બહેનોને મહિલા દિવસની વધામણી આપી. મંત્રી શ્રીમતી ડિમ્પલબેન વિકાસભાઈ પરમારએ પણ બધાએ બહેનોને મહિલા દિવસની શુભેચ્છા પાઠવી. સુલોચનાબેન વેગડ દ્વારા પણ પોતાની સ્વરચીત કવિતા સંભળાવી. પ્રમુખ શ્રીમતી આશાબેન, જાગૃતિબેન, ડિમ્પલબેન અને લતાબેન દ્વારા મહિલા દિવસ માટે જોશ અને ઉલ્લાસથી ભરપૂર એક ગીતની પ્રસ્તુતિ આપી. માધવીબેન, સુધાબેન અને શિખાબેન દ્વારા બહુજ સરસ સુંદર નાટકની પ્રસ્તુતિ આપી. ત્યારબાદ પ્રોગ્રામને આગળ વધારતા માધવીબેન રાઠોડની એન્કરિંગ સાથે સમાજના વડિલ બહેનોનું શ્રીફળ આપી ઉપરણા ઓઢાડીને મીઠું મોઢું કરાવી સન્માન કરવામાં આવેલ. પ્રમુખશ્રી આશાબેન નરેન્દ્રભાઈ ચૌહાણનું પણ સન્માન કરવામાં આવેલ. મીટીંગનો આનંદ વધારવા આશાબેન દ્વારા ખુબ સરસ નોલેજેબલ ગેમ રમાડીને એમના દ્વારા ઇનામ આપવામાં આવ્યા. મહિલા મંડળના ઉપપ્રમુખ શ્રીમતી કુસુમબેન ચૌહાણનો જન્મદિવસ હોવાથી કેક કાપી જન્મદિવસની

વધામણી આપવામાં આવી.

પ્રોગ્રામને આગળ વધારતા મીટીંગમાં હોળી ઉત્સવ અને ફાગ ઉત્સવ મનાવવામાં આવેલ. હોળી ઉત્સવ ચંદાબેન અને એમની ટીમે બહુ જ સરસ તૈયારી સાથે ઉજવી અને ફાગ ઉત્સવ સરોજબેન અને એની ટીમે બહુ સરસ ફાગ ઉત્સવનું આયોજન કર્યો. પૂનમબેન ચૌહાણ તરફથી ખૂબ સુંદર નૃત્યની પ્રસ્તુતિ આપી અને બધા બહેનોએ ગરબા રમવાનો આનંદ લીધો. ફાગ ઉત્સવમાં રંગથી અને ફૂલોથી મનાવવામાં આવ્યો. બધા બહેનો ભેગા મળીને સ્વાદિષ્ટ જમવાનો આનંદ લીધો અને અંતમાં બધાએ ધન્યવાદ કરી રાજી ખુશી છૂટા પડ્યા હતા.

## રાઉરકેલા મહિલા મંડળ



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ રાઉરકેલા મહિલા મંડળ પ્રમુખ સોનલ બેન દિનેશ ભાઈ પરમારના પ્રમુખપણા હેઠળ હનુમાન જન્મોત્સવ તા. ૦૨.૦૪.૨૦૨૬ વાર ગુરુવારના દિવસે ભક્તિ અને આનંદનો સમન્વયઃ સુંદરકાંડ પાઠ અને રાસ-ગરબાની ભવ્ય ઉજવણી કરવામાં આવેલ હતી.

રાઉરકેલા મહિલા મંડળ દ્વારા આધ્યાત્મિક અને સાંસ્કૃતિક વારસાને ઉજાગર કરતો એક વિશેષ કાર્યક્રમ અત્યંત સફળતાપૂર્વક સંપન્ન થયો. આ પ્રસંગે ભક્તિ, શક્તિ અને આનંદનો ત્રિવેણી સંગમ જોવા મળ્યો હતો.

કાર્યક્રમની શરૂઆત ગણપતિ વંદના અને હનુમાનજીની વિશેષ પૂજા અર્ચના સાથે કરવામાં આવી હતી. ત્યારબાદ મંડળની બહેનોએ સમૂહમાં લયબદ્ધ રીતે સુંદરકાંડના પાઠ કર્યા હતા, જેનાથી સમગ્ર વાતાવરણ પવિત્રતાથી ભરાઈ ગયું હતું.

પાઠની પૂર્ણાહુતિ બાદ ભાવવિભોર કરી દે તેવા સુંદર ભજન-કીર્તનની રમઝટ બોલી હતી. ત્યારબાદ પ્રભુની ભવ્ય આરતી કરવામાં આવી હતી, જેમાં સૌ બહેનોએ ખૂબ જ શ્રદ્ધાપૂર્વક ભાગ લીધો હતો.

આરતી બાદ તમામ બહેનોએ સાથે મળીને પ્રસાદ ગ્રહણ કર્યો હતો. આ સાત્વિક પ્રસાદે કાર્યક્રમમાં સંતોષ અને મીઠાશ ભેળવી હતી. ભક્તિમય વાતાવરણ બાદ આપણી સંસ્કૃતિનો પ્રાણ એવા રાસ-ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. બહેનોએ પરંપરાગત તાલે ગરબે ઘૂમીને ઉત્સાહ અને ઉમંગની હેલી સર્જી હતી. આ સફળ આયોજન દ્વારા સમાજની મહિલાઓમાં એકતા, ભક્તિ અને આનંદની લાગણી વધુ પ્રબળ બની છે. આ દિવ્ય કાર્યક્રમ બદલ મહિલા મંડળની તમામ બહેનોને ખૂબ ખૂબ અભિનંદન.

## મુંબઇ (મુલુન્ડ) મ.મંડળ




૭મી ડિસેમ્બર અમારા મુલુન્ડ મહિલા મંડળ માટે ખુબજ શુભ અને ગૌરવપૂર્ણ દિવસ હતો, કારણ કે અમે અમારા મંડળના ૫૦ વર્ષ પૂર્ણ થતા ઉજવણી કરી. મંડળના સ્થાપક શ્રીમતી જ્યોતિબેન કાંતિલાલભાઇ ટાંક ખુબજ પ્રેરણાદાયી, કાર્યક્ષમ અને સમર્પિત વ્યક્ત હતા. તેઓ હંમેશા આપણા સમાજને ઉંચાઇએ લઇ જવાનો વિચાર રાખતા અને તેમના સમયમાં તેમણે આ કાર્ય સફળતાપૂર્વક કર્યું. ત્યાર બાદ પણ અનેક સમર્પિત અધ્યક્ષોએ નિઃસ્વાર્થ સેવા આપી અને સમાજને મજબૂત બનાવ્યો. આજે હું અવસર પર પ્રતિજ્ઞા લઉં છું કે, સ્થાપિકા અને તમામ પૂર્વ અધ્યક્ષાઓની જેમ આપણે પણ આપણા સમાજને નવી ઉંચાઇએ લઇ જઇશું અને આ બધું આપ સૌ સભ્યોના સહકારથી જ શક્ય છે. કાર્યક્રમની શરૂઆતમાં અમે ''સાસ પણ ક્યારેક વહુ હતી'' ગીત પર તમામ પરિવારોને સ્ટેજ પર પરિચય કરાવવામાં આવ્યો, જેમાં પરિવારની એકતા, સંસ્કાર અને પરંપરાની સુંદર ઝલક જોવા મળી. ઉજવણીમાં મુલુન્ડ મહિલા મંડળની બહેનોએ નાનું સ્કિટ દિવ્ય ગોલમાલ રજુ કર્યું, અંતાક્ષરી રાખી, લક્કી ડ્રો યોજ્યો અને કાર્યક્રમમાં મુલુન્ડ મહિલા મંડળ કમિટીએ મુલુન્ડમાં જે મહિલાઓ નોકરી કરે છે અથવા કોઇપણ ક્ષેત્રમાં કાર્યરત છે, તેવી મહિલાઓને ટ્રોફી આપી સન્માનિત પણ કરી. અંતમાં સ્વાદિષ્ટ ભોજન સાથે કાર્યક્રમ પૂર્ણ કર્યો. આ સુંદર દિવસ ઉંચી આશાઓ, એક્તા અને સમર્પ્ સાથે પૂર્ણ થયો.

## શ્રી ક.ગુ.ક્ષ. કન્યા છાત્રાલય - કુકમા

### નિઃશુલ્ક પ્રવેશ

વર્ષ ૨૦૨૬-૨૦૨૭ માટે છાત્રાલયમાં રહી અને ધારેણ ૫ થી કોલેજ સુધીનો અભ્યાસ કરવા માંગતી સમાજની વિદ્યાર્થીનીઓએ પ્રવેશફોર્મ સંસ્થાના માનદ્ વ્યવસ્થાપક **શ્રી મોહનલાલ કુંવરજીભાઇ ચૌહાણ - કુકમા, મો.નં. ૮૫૧૧૭૨૭૨૪૩** પાસેથી મેળવી જરૂરી વિગતો ભરી **તા. ૩૧-૦૫-૨૦૨૬** સુધી પરત કરવા. છાત્રાલયમાં રહી અભ્યાસ કરવા માંગતી સમાજની તમામ વિદ્યાર્થીનીઓની પુરી ફી **સંસ્થાના પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પી. સોલંકી દ્વારા ભરપાઇ કરવામાં આવશે તેથી તમામ વિદ્યાર્થીનીઓનો પ્રવેશ નિઃશુલ્ક રહેશે.**

# ગાંધીધામ મહિલા મંડળ આયોજીત કેજીકે માસ્ટર શેફ ઓફ ગાંધીધામ-૨૦૨૬ની તસવીરો


























## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ અખિલ ભારતીય યુવા મહામંડળ

# યુવા મંચ



પ્રમુખ : અ.ભા. યુવા મહામંડળ
શ્રી ગૌરવ જગદીશભાઇ ટાંક
250, સી.એ. રોડ, આંબેડકર સ્કવેર,
પો. નાગપુર (મહારાષ્ટ્ર) ૪૪૦૦૦૮
મો. 8007161696



વરીષ્ઠ મહામંત્રી : અ.ભા. યુવા મહામંડળ
શ્રી પ્રતિક દિનેશભાઇ ટાંક
૮૦, બિલેશ્વરનગર, અંજાર (કચ્છ)
મો. 8128948884,
E-mail : pdtank@gmail.com

યુવા મંચમાં અહેવાલ પ્રકાશીત કરવા માટે અ.ભા.યુવા મહામંડળના વરીષ્ઠ મહામંત્રી શ્રી પ્રતિક દિનેશભાઇ ટાંકનો સંપર્ક કરવો.

## પુના યુવા મંડળ



સમાજમાં આપણે સૌ પ્રાણીદયા તો કરીએ જ છીએ પણ તેની સાથે સાથે નાના પ્રાણીઓની સેવા કરવાથી એ શ્રેષ્ઠ પૂણ્ય મળે છે. જેથી આ પુણ્યનું કાર્ય આપણે સૌ સાથે મળીને કરવું જોઇએ. આ વિચારની અમલ બજાવણી કરવા માટે પુના યુવા મંડળે શ્રી ઘોડેશ્વર મહાદેવ મંદિર જે પહાર ઉપર છે અને ત્યાં કીડીઓના ઘણા રાફડા છે. પુના યુવા મંડળના યુવક-યુવતીઓ મળીને ત્યાં કિડીયારૂં પુરવવાનો પ્રોગ્રામ બનાવ્યો હતો. આ જીવદયાના કાર્યમાં સમાજના ૨૦ થી ૨૫ યુવક-યુવતીઓએ ભાગ લીધો હતો.

કિડીઓના ભોજન માટે જાર-બાજરાનો લોટ, તલ તેમજ સાકરનું મિશ્રણ કરી ત્યાં પહાડ ઉપર જ્યાં જ્યાં કિડીઓના રાફડા તેમજ ઝાડની આજુબાજુ બધી જગ્યાએ કિડીઓને ભોજન કરાવ્યું હતું. જ્યારે અમે કિડીયારૂં પૂરવવા માટે જમીન પર બેસીને એ નાનકડા જીવોની ચિંતા કરતા હતા, ત્યારે મનમાં એક અનોખી શાંતિનો અનુભવ થયો. ખરેખર સુખ મોંઘી વસ્તુઓમાં નથી પણ આવા નિ:સ્વાર્થ કામમાં છુપાયેલું છે. અમે માત્ર કિડીઓને ભોજન નથી આપ્યું પણ આ ધરતી પ્રત્યેનો અમારો પ્રેમ વ્યક્ત કર્યો હતો.

બીજે દિવસે રંગપંચમી તથા મહિલા દિવસની ઉજવણી પણ એક દિવસ પહેલા જ ઉજવી લીધી. સૌ યુવક-યુવતીઓએ એક બીજાને સુકો રંગ લગાવી રંગપંચમીનો આનંદ માણ્યો તેમજ મહિલા દિવસના એકબીજાને અભિનંદન આપ્યા. સ્ત્રી શક્તિ વગર કોઇપણ સમાજ અધુરો છે. પ્રોગ્રામને સફળ બનાવવા માટે યુવા મંડળના અધ્યક્ષ શ્રી પ્રિયેશભાઇ સોલંકીને મિલાપભાઇ ટાંક તથા મૌસમી ટાંકે સારો સહયોગ આપ્યો હતો. અંતમાં એટલું જ કહેવાનું કે, હામાં લોટનું મિશ્રણ હતું અને હૈયે જીવદયાનો ભાવ, રંગોની રમત સાથે આજે મિલાવ્યો સેવાનો તાલ.

## ધનબાદ યુવા મંડળ



શ્રી ક.ગુ.ક્ષ. સમાજ યુવા મંડળ, ધનબાદ ઘટક, નવી કાર્યકારિણી સત્ર ૨૦૨૬-૨૯નું ગઠન તા૦ ૨૯-૦૩-૨૬ ના દિવસે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના અંતર્ગત સર્વ સંમતિથી નવા પદાધિકારીઓનું ચયન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રમુખ - શ્રી નિલેશભાઈ નરસિંહ ચૌહાણ, ઉપપ્રમુખ - શ્રી ચંદનભાઈ કિશોર ચાવડા, મંત્રી - શ્રી દીપકભાઈ અર્જુનલાલ ચાવડા, કોષાધ્યક્ષ - શ્રી નીરજભાઈ ઉમેશ ચૌહાણ. અખિલ ભારતીય યુવા મહા મંડળના

નિર્દેશાનુસાર પ્રથમ વક્તે યુવા મંડળ ધનબાદ દ્વારા એક નવો પ્રયાસ કરવામાં આવ્યો છે જેમાં નારી શક્તિને ધ્યાનમાં રાખીને ૪ પ્રતિભાવાન યુવતીઓનું પણ ધનબાદ યુવા મંડળના ટીમમાં સમાવેશ કરવામાં આવ્યું છે. ગીતિકા ચાવડા, વંશિકા યાદવ, મૈત્રી ચૌહાણ અને જુહી પરમારને ટીમમાં સક્રિય સદસ્ય તરીકે સામેલ કરવામાં આવેલ છે. યુવા મંડળની ટીમને સમાજબંધુઓએ શુભેચ્છાઓ પાઠવેલ.

# શ્રી બ્રહ્માણી માતાજી ચૌહાણ પરિવાર - રેહા



ચૌહાણ પરિવાર-રેહાના કુળદેવી શ્રી બ્રહ્માણી માતાજીના સ્થાનક મધ્યે ચૈત્રી નવરાત્રીના પ્રારંભે ઘટ: સ્થાપન કરી ચૈત્ર સુદ-૮ના રોજ હવનાષ્ટમિની ઉજવણી ધામધૂમ અને શ્રદ્ધાપૂર્વક કરવામાં આવેલ હતી. જેમાં ભારતભરમાં વસતા ગોઠી પરિવારોએ વિશાળ સંખ્યામાં હાજરી આપી હતી. સવારે સ્થાપન અને પૂજન બાદ મહાપ્રસાદના દાતાશ્રીઓ શ્રી દિનેશભાઇ દામજી ચૌહાણ, શ્રી હરીશભાઇ રણછોડ ચૌહાણ તથા શ્રી ગિરીશભાઇ મોરાર ચૌહાણ દંપતિના હસ્તે હવનવિધી કરવામાં આવેલ હતી. ત્યાર બાદ કચ્છના પ્રખ્યાત કિરણ ડુડિયા ગ્રુપના સથવારે મહાઆરતી અને રાસગરબા યોજાયેલ હતા તેમજ સૌ પરિવારોએ સમાજ ભવન મધ્યે માતાજીનો મહાપ્રસાદ ગ્રહણ કરેલ હતો. આ પ્રસંગે માતાજીના ભૂવા સ્વ. અમરસીભાઇ ભીમજી ચૌહાણની સેવાઓને યાદ કરી શ્રદ્ધાંજલી આપવામાં આવેલ હતી. મહાપ્રસાદના દાતાશ્રી પરિવારની સાથે હવન વિધીના આચાર્ય શ્રી જનકભાઇ દવે તથા માતાજીના પૂજારી શ્રી ગોવર્ધનભાઇ કરશન ચૌહાણ દંપતિનું પ્રમુખ મોહનભાઇ ચૌહાણ, મંત્રી વિનોદભાઇ ચૌહાણ, ઉપપ્રમુખો બાબુભાઇ ચૌહાણ તથા નવિનભાઇ ચૌહાણ, સમિતિના સભ્યો સોમનભાઇ ચૌહાણ, શાંતિલાલ ચૌહાણ, પ્રકાશભાઇ ચૌહાણ, કપિલ ચૌહાણ, મહિલા મંડળના રીટાબેન ચૌહાણ તથા કલ્પનાબેન ચૌહાણના હસ્તે સન્માન કરવામાં આવેલ હતું. સ્વ. નાનાલાલભાઇ જગમાલ ચૌહાણ પરિવાર (રાયપુર) તરફથી રૂા. ૨૧,૦૦૦ તથા ડૉ. અમિત જીતેશભાઇ ચૌહાણ તરફથી રૂા. ૧૧,૦૦૦ મળેલ તેમાંથી ગામની ગૌશાળામાં ગાયોને લીલોચારો આપવામાં આવેલ હતો. સ્વ. કસ્તુરબેન કેશવજીભાઇ ચૌહાણ - રેહાની સ્મૃતિમાં સુપુત્રી દિપાબેનના હસ્તે રૂા. ૫૦,૦૦૦ તથા પ્રાગજીભાઇ ગોવાભાઇ ચૌહાણ હસ્તે સુપુત્ર પ્રકાશ ચૌહાણ દ્વારા રૂા. ૧૧,૦૦૦નું દાન ગૌસેવા ટ્રસ્ટને આપવામાં આવેલ હતું. હવન વ્યવસ્થા અને મહાપ્રસાદની ખુબજ સુંદર વ્યવસ્થા સંભાળતા ભાઇઓની ટીમના ભુપતભાઇ ચૌહાણ, દિલીપભાઇ ચૌહાણ, મિતેશ ચૌહાણ, રોમેક્ષ ચૌહાણ, સુનિલ ચૌહાણ, કુંતેશ ચૌહાણ, ધૈર્ય ચૌહાણ, અનિલ ચૌહાણ, ત્રંબકલાલ ચૌહાણ, સમાજના અગ્રણી કિરીટભાઇ પરમાર તથા કિશોરભાઇ પરમારનું સમિતિ દ્વારા સેવા સન્માન કરવામાં આવેલ હતું. કાર્યક્રમનું સંચાલન રમેશભાઇ ચૌહાણે કરેલ હતું. હેમરાજભાઇ ચૌહાણ, દિનેશભાઇ ચૌહાણ, પ્રમોદભાઇ ચૌહાણ, સાગર ચૌહાણે સહયોગ આપેલ હતો.

# તરાના કેજીકે મ્યુઝિક ગ્રુપ મિલન સમારોહ-૭ અમરકંટક-૨૦૨૬નો અહેવાલ



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજનું સૌથી જુનું અને જાણીતું મ્યુઝિક ગ્રુપ, એટલે કે ''તરાના કેજીકે મ્યુઝિક ગ્રુપ''. આ એક વ્હાટ્સેપ ગ્રુપ છે (વ્હાટ્સેપ નં. ૯૧૭૩૦૦૫૪૦૯) જે વર્ષ ૨૦૧૮થી નિર્વિઘ્ને ચાલતું આવેલ છે. આ મ્યુઝિક ગ્રુપ એ પોતાના ૮ વર્ષ પૂરા કરી નવમા વર્ષમાં પ્રવેશ કર્યો છે. આ ગ્રુપના ફાઉન્ડર, અમદાવાદ (નાગલપર)ના મોહનભાઈ રતિલાલભાઈ ચૌહાન અને કોમલબેન મોહનભાઈ ચૌહાન છે.

તા. ૧૫,૧૬ અને ૧૭ માર્ચ ૨૦૨૬ના દિવસે, તરાના મિલન સમારોહ -૭ નું ભવ્ય આયોજન, અમરકંટક (મધ્ય પ્રદેશ) સ્થાને રાખવામાં આવેલ હતું. લગભગ ૯૫ સદસ્યો આ સમારોહમાં ઉપસ્થિત હતા. અમરકંટક એક ખૂબજ પ્રખ્યાત ધાર્મિક સ્થળ છે. માં નર્મદાનું ઉદગમ સ્થાન છે અને પ્રાકૃતિક સૌંદર્યથી ભરપુર છે.

તરાના પરિવાર માટે સૌથી ખુશીની અને ઉત્સાહની વાત એ હતી કે, મહાસભાના ઉપ-પ્રમુખ આદરણીયશ્રી મનોજભાઈ વેગડ અમારી સાથે આ મિલન સમારોહ માં ઉપસ્થિત હતા. તા. ૧૪ માર્ચ નાં દિવસે તરાના પરિવારના સભ્યો માટે બિલાસપુરના, ગુજરાતી સમાજ ભવનમાં રહેવા અને જમવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. તરાના ઉત્સવની શુભ શુરુઆત અહીંથી જ શુરુ થઈ ગઈ હતી. રાત્રે સહુ એ સંગીત, રાસ-ગરબા અને સ્વાદિષ્ટ ભોજનનો આનંદ લીધો.

તા. ૧૫ માર્ચનાં વહેલી સવારે ચા-નાસ્તો કરી ને, બે બસ ની આરામદાયક સુવિધા સાથે બપોરના લગભગ ૨ વાગે અમરકંટક પહુંચી ગયા. અમરકંટકની બે મોટી હોટલમાં રહેવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. અહીં બધા એ સ્વાદિષ્ટ ભોજન નો આનંદ લિધો. બપોરના લગભગ ૩.૩૦ વાગે સહુ, એક ખૂબજ સુંદર બનાવેલ પંડાલમાં ભેગા થયા જ્યાં બે દિવસ વિશાળ સંગીત સભાનું આયોજન

રાખવામાં આવેલ હતું. પહેલા દિવસે, સ્વાગત સમારોહમાં ભાવના બેન ચૌહાણ (મુંબઈ) દ્વારા પ્રભુ વંદન તથા તરાનાની બહનો દ્વારા સ્વાગત ગીત ગાવા માં આવ્યું,, દીપ પ્રજ્જ્વલન મહાસભા ઉપ-પ્રમુખ આદરણીયશ્રી મનોજ ભાઈ વેગડ, રંજનબેન વેગડ, તરાનાના સ્થાપક મોહનભાઈ રતિલાલભાઈ ચૌહાણ અને કોમલબેન મોહનભાઈ ચૌહાણ દ્વારા થયું. ત્યારબાદ એકલ ગાયનનો સફળ કાર્યક્રમ યોજાયો હતો અને તરાનાના ૫૫ કલાકારોને (અયોધ્યા રામ મંદિર નું મોડેલ) સ્મૃતિ ચિહ્ન આદરણીય શ્રી મનોજભાઈ વેગડ સાહેબ અને રંજનબેન વેગડ દ્વારા આપવામાં આવેલ. બીજા દિવસે નાસ્તા પછી યુગલ ગીતનો કાર્યક્રમ યોજાયો જેમાં બધા કલાકારોએ રજૂઆત કરી, રાત્રિ ભોજન પછી તરાના એડમીન મિતેશભાઈ કરસનભાઈ પરમાર ( ગોંદિયા)ની ઓરકેસ્ટ્રા ટીમ દ્વારા રંગારંગ રાસ ગરબાની શરૂઆત થઈ,બધાયે આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

ત્રીજા દિવસે તા. ૧૭ માર્ચ ના સવારે અમે માતા નર્મદાના સ્ત્રોતના દર્શન કર્યા અને પૂજા કરી,આ ખાસ પૂજા ખાસ કરીને તરાના ગ્રુપ માટે મુખ્ય પંડિત શ્રી બંટી મહારાજ દ્વારા યોજવામાં આવી હતી જેમણે સંપૂર્ણ ધાર્મિક વિધિઓ સાથે પૂજા કરી હતી,ત્યારબાદ અમે અમરકંટક ની મુલાકાત લીધી અને પ્રવાસન સ્થળોની મુલાકાત લીધી જેનો બધાયે ખૂબ આનંદ લીધો, સાંજે અમે નર્મદા જી ના ઘાટ પર પાછા ફર્યા અને ચુંદડી અર્પણ કરી અને માં નર્મદાની મહા આરતી કરી,જેના માટે આખો ઘાટ અનામત રાખવામાં આવ્યો હતો,આ અત્યંત પવિત્ર અને આનંદદાયક ક્ષણો હતી,, સાંજની મહા આરતીમાં બધાયે સંપૂર્ણ ભક્તિ ભાવથી પ્રાર્થના કરી અને સ્વાદિષ્ટ ભોજનનો પ્રસાદ લીધો. તરાના મિલન સમારોહના આ કાર્યક્રમને સફળ બનાવવામાં અતિ વિશેષ યોગદાન, મિતેષભાઈ પરમાર અને પ્રકાશભાઈ ચૌહાનનો રહ્યો છે. તરાના પરિવાર તરફથી તેમનો આભાર માનવામાં આવેલ. આ કાર્યક્રમમાં સમાજ મહાસભા પ્રમુખ, સમાજ રત્ન આદરણીય શ્રી વિનોદ ભાઈ સોલંકીજી દ્વારા ૫૧,૦૦૦/, મહાસભા ઉપ-પ્રમુખ આદરણીય શ્રી મનોજભાઈ વેગડ દ્વારા ૨૧,૦૦૦, ચિત્રાબેન પ્રફુલ્લ ભાઈ ગોહિલ, રાજકોટે ૧૧,૦૦૦/, સોમનાથભાઈ ચાવડા કેન્જોરગઢે ૧૧,૦૦૦/, મીનાબેન રાઠોડ - લાતૂરે ૧૧,૦૦૦/, અને નીતિનભાઈ પરમાર ગાંધીધામ એ ૧૦,૦૦૦/, ની સહયોગ રાશિ આપેલ હતી. તરાનાના સંરક્ષક શ્રી ધીરુભાઈ શામજીભાઈ પરમાર, (રાયપુર) એ તમામ સભ્યો માટે સુંદર બેજ બનાવી ને મોકલ્યા હતા.

આ કાર્યક્રમમાં બિલાસપુર માં રાત્રિ રોકાણ, ભોજન અને બસની વ્યવસ્થા તરાનાના સહ સંસ્થાપક શર્મિલાબેન ભૂપેશભાઈ ચાવડા દ્વારા કરવામાં આવી, અમરકંટકમાં રિસોર્ટ, પંડાલ, સાઉન્ડ સિસ્ટમની વ્યવસ્થા તરાનાના એડમીન મિતેશભાઈ કરસનભાઈ પરમાર (ગોંદિયા), પ્રકાશભાઈ મણિલાલભાઈ ચૌહાણ (ઉતઈ), અને વિનયભાઈ લીલાધરભાઈ વરુ (રાયપુર) દ્વારા તથા ગીતોંના સંયોજન અને સાઉન્ડ ટ્રેકની વ્યવસ્થા બકુલભાઈ ધીરજલાલભાઈ મકવાણા (પુણે) દ્વારા કરવામાં આવી હતી. આ પ્રસંગે તરાનાના એડમિનો ભૂમિકાબેન નીતિનભાઈ વરુ (રાઉરકેલા), આનંદભાઈ ભગવાનભાઈ ટાંક (રાયપુર), રમીતાબેન રાજેશભાઈ ચૌહાણ (કોટા), અનિતાબેન લલિતભાઈ વાઢેર (રાયપુર), દિનેશભાઈ ખીમરાજભાઈ પરમાર (રાઉરકેલા) અને કિશોરભાઈ ચાવડા (રાયપુર) દ્વારા વિશેષ સહયોગ મળ્યો હતો. તા. ૧૮ માર્ચ નાં સવારે ચા-નાસ્તો કરી, તરાના પરિવારના સહુ સદસ્યો એ આનંદ ના વાતાવરણ માં, ફરી જલ્દી મળવાની ઈચ્છા સાથે વિદાય લીધી.

## શ્રી ક.ગુ.ક્ષ. સમાજ (ઓખા મંડળ) ટ્રસ્ટ

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ (ઓખા મંડળ) ટ્રસ્ટના પ્રમુખ/કારોબારીની સમય મર્યાદા પૂર્ણ થતાં તા. ૧૬-૧૧-૨૦૨૫ના રોજ સામાન્ય સભામાં પ્રમુખશ્રી મહેશભાઇ પી. ટાંકની બિનહરીફ નિયુક્તિ સર્વાનુમતે આગામી નવા સત્ર માટે વર્ષ ૨૦૨૫-૨030 માટે પ્રમુખ તરીકે કરવામાં આવેલ. ત્યાર બાદ તા. ૨૧-૧૨-૨૦૨૫ની કારોબારીની પ્રથમ બેઠકમાં હોદ્દેદારોની નિયુક્તિ પ્રમુખશ્રી તરફથી કરવામાં આવેલ. જેમાં સભાસદો પાંચ વર્ષ માટે પસંદગી પામેલ છે. જેમાં શ્રી મહેશભાઇ પ્રાગજીભાઇ ટાંક - પ્રમુખ, શ્રી ભગવાનજીભાઇ દામજીભાઇ ટાંક - ઉપપ્રમુખ, શ્રી પ્રવિણભાઇ શિવલાલ ચૌહાણ - ઉપપ્રમુખ, શ્રી વિજયભાઇ કાનજીભાઇ રાઠોડ - મંત્રી, શ્રી લક્ષ્મણભાઇ વિરજીભાઇ સોલંકી - સહમંત્રી, શ્રી ભરતભાઇ જયંતિભાઇ યાદવ - સહમંત્ર, શ્રી હરસુખલાલ ભીમજીભાઇ વાઢેર - કોષાધ્યક્ષ, શ્રી પ્રભુલાલભાઇ પ્રાગજીભાઇ ટાંક - સહ કોષાધ્યક્ષ તથા પાંચ કારોબારી સભ્યોની વરણી કરવામાં આવી હતી.


## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ (ઓખા મંડળ) ટ્રસ્ટ, દ્વારકા

તીર્થધામ દ્વારકા મુકામે આપણી ધર્મશાળામાં આપને આવકાર છે. આપના આગમનની તારીખ અને સમય અઠવાડીયા પહેલા ફોન દ્વારા જણાવશો તો વિશેષ અનુકુળતા રહેશે. ધાર્મિક કે સામાજિક પ્રસંગો માટે ચાર મહિના પહેલાં સંપર્ક કરવો જરૂરી છે.

ખાસ નોંધ : સરકારી નિયમ મુજબ, યાત્રીએ પોતાનું આઇકાર્ડ સાથે રાખવું ફરજિયાત છે. ફોન કરનારે પ્રથમ પોતાની ઓળખ વતન-ગામ સાથે આપવી જરૂરી છે.

**સરનામું :** કચ્છી સમાજ ભવન, ગોમતી રોડ,
રામેરામ ધર્મશાળા પાસે, દ્વારકા - ૩૬૧૩૩૫
મેનેજર : ૮૯૮૦૦૫૮૧૫૬

**ફોનથી બુકીંગ કરવા માટેનો સમય :**
**સવારે** ૧૦.૦૦ થી ૧.૦૦ વાગ્યા સુધી, **સાંજે** ૫.૦૦ થી ૮.૦૦ સુધી
**ચેકઇન ટાઇમ :** સવારે ૯.૦૦, **ચેકઆઉટ ટાઇમ :** બીજા દિવસે સવારે ૯.૦૦

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ નાગલપર ઘટક

## નવનિયુક્ત કારોબારી સમિતિને અભિનંદન સહ શુભેચ્છા



શ્રી ભગવાનજીભાઇ માધવજીભાઇ રાઠોડ
(એડવોકેટ) ઘટક પ્રમુખશ્રી



શ્રી કુંવરજીભાઇ રણછોડભાઇ ટાંક
વ.સલાહકાર પ્રમુખશ્રી ઘટક એવં પૂર્વ પ્રમુખશ્રી મહાસભા



શ્રી ભરતભાઇ મોહનભાઇ ટાંક
ઘટક મંત્રીશ્રી



શ્રી હિંમતભાઇ પુરૂષોત્તમભાઇ રાઠોડ
ઘટક ઉપપ્રમુખશ્રી



શ્રી મહેશભાઇ ધારશીભાઇ પરમાર
ઘટક સહમંત્રીશ્રી



શ્રી મોહનભાઇ પરસોત્તમભાઇ રાઠોડ
સલાહકાર પ્રમુખશ્રી ઘટક



શ્રી મોહનભાઇ જીવરામભાઇ જેઠવા
ટ્રસ્ટીશ્રી



શ્રી હિરાલાલભાઇ વલમજીભાઇ રાઠોડ
ટ્રસ્ટીશ્રી



શ્રી ભરતભાઇ કાંતિલાલભાઇ વેગડ
ટ્રસ્ટીશ્રી



શ્રી દિલીપભાઇ નરભેરામભાઇ રાઠોડ
ટ્રસ્ટીશ્રી



શ્રી અવનિશભાઇ નરભેરામભાઇ જેઠવા
ટ્રસ્ટીશ્રી

:: શુભેચ્છક ::

**શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ નાગલપર**

**મહિલા મંડળ　　યુવા મંડળ　　યુવતી મંડળ**

**સમસ્ત શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ નાગલપરના સમાજબંધુઓ તરફથી શુભેચ્છા...**

## ચાલો અયોધ્યા    ॥ જય શ્રી રામ ॥    ચાલો અયોધ્યા

**બદ્રીનાથ ગ્રુપ – અંજાર** આયોજીત

પ્રભુ શ્રીરામની પાવન ભૂમિ અયોધ્યા મધ્યે



# શ્રીમદ્ ભાગવત કથા



કથા પ્રેમી ભક્તજનોને જય શ્રી રામ સાથે જણાવવાનું કે, બદ્રીનાથ ગ્રુપ - અંજાર દ્વારા છેલ્લા નવ વર્ષ દરમ્યાન ભારતભરના જુદા જુદા ધાર્મિક તિર્થસ્થાનો મધ્યે અત્યાર સુધી પાંચ કથાનું સફળતાપૂર્વક આયોજન કરેલ છે. હવે શ્રી રામ ભગવાનની કૃપાથી તથા તેમની પ્રેરણાથી રામનગરી એવી રામજન્મ ભૂમિ અયોધ્યા મધ્યે શ્રીમદ્ ભાગવત કથાનું આયોજન કરવામાં આવેલ છે. તો આ કથામાં સહભાગી થવા આપશ્રીઓને અમારૂં સ્નેહભર્યું આમંત્રણ છે.



**:: કથાના વક્તા ::**

ભાગવતાચાર્ય

**શ્રી કિરણભાઈ હેમરાજભાઈ જોષી**

(લાલા મહારાજ) કુકમાવાળા

મો. ૯૯૦૯૦૧૪૨૦૬

સંગીતમય કથાનું રસપાન કરાવશે.

**:: કથાનો કાર્યક્રમ ::**

**કથા પ્રારંભ :** સંવત ૨૦૮૨, ભાદરવા સુદ-૭, શુક્રવાર, તા. ૧૮-૦૯-૨૦૨૬

**કથા વિરામ :** સંવત ૨૦૮૨, ભાદરવા સુદ-૧૩, ગુરૂવાર, તા. ૨૪-૦૯-૨૦૨૬

**કથાનો સમય :** સવારે ૯.૦૦ વાગ્યાથી બપોરના ૧.૦૦ વાગ્યા સુધી

**કથા સ્થળ :** શ્રી રામ ઘાટ, રામલલા જન્મભૂમિ અયોધ્યાધામ (ઉત્તરપ્રદેશ)

**:: કથા શુલ્ક ::**

| | |
|---|---|
| ડબલ બેડ - એ.સી. ડીલક્ષ રૂમ - ૩-૪ વ્યક્તિનો સમાવેશ - પ્રતિ વ્યક્તિ દીઠ | રૂા. ૧૩૦૦૦/- |
| ડબલ બેડ - નોની એ.સી. સાદા રૂમ - ૩ વ્યક્તિનો સમાવેશ - પ્રતિ વ્યક્તિ દીઠ | રૂા. ૯૫૦૦/- |
| જો કોઈ યાત્રી રેલ્વે થ્રી-એ.સી. માં પ્રવાસ કરવા ઈચ્છતા હોય તો વધારાના | રૂા. ૩૦૦૦/- |
| જો કોઈ યાત્રી પોતાની રીતે અયોધ્યા આવવા ઈચ્છતા હોય તો બાદ (-) | રૂા. ૨૦૦૦/- |

YouTube Live

**Snap & Shoot** દ્વારા કથાનું લાઈવ પ્રસારણ યુ-ટ્યુબ ચેનલ પર કરવામાં આવશે.

ઉપરોક્ત કથા શુલ્કમાં અંજારથી અયોધ્યા રેલ્વે સ્લીપર કોચમાં આવવા-જવાનો ખર્ચ, આઠ દિવસ સુધી પોતાની પસંદગીના રૂમમાં રહેવાનો ખર્ચ, વહેલી સવારે ચા ત્યાર બાદ સવારે ૮.૦૦ વાગ્યે ચા-નાસ્તો, બપોરે એક મિષ્ટાન સહિતનું ભોજન, સાંજે ચા તથા રાત્રે દરરોજ જુદું જુદું અનુકુળતા મુજબનું હળવું ભોજન તથા કથા શ્રવણ તથા અન્ય ખર્ચ સામેલ છે. ભગવાન શ્રી રામની આપણા સહુ ઉપર હંમેશા અસીમ કૃપા વરસતી રહે તેવી પ્રાર્થના સાથે બદ્રીનાથ ગ્રુપ-અંજારના આયોજક ભાઈઓ તરફથી આપ સહુને અમારા જયશ્રી રામ...

**:: કથાનો સંપૂર્ણ કાર્યક્રમ ::**

**તા. ૧૬-૦૯-૨૦૨૬, બુધવાર** ના સાંજે અંજારથી રેલ્વે દ્વારા રવાના    **તા. ૧૮-૦૯-૨૦૨૬, શુક્રવાર** ના સવારે અયોધ્યા આગમન

**તા. ૧૮-૦૯-૨૦૨૬, શુક્રવાર** ના રોજ બપોર ૩.૩૦ વાગે શ્રી રામ મંદિરેથી કથા સ્થળ સુધી પોથીયાત્રા - દિપ પ્રાગટ્ય - સંતોના આશિર્વચન - કથા પ્રારંભ

**તા. ૨૧-૦૯-૨૦૨૬, સોમવાર** ના શ્રી કૃષ્ણ જન્મ મહોત્સવ

**તા. ૨૪-૦૯-૨૦૨૬, ગુરૂવાર** ના રોજ બપોરનો ૧૨.૦૦ વો કથા વિરામ - કથાકારશ્રીનું સન્માન - મહાનુભાવોનું સન્માન, યાત્રીઓના પ્રતિભાવો - કથા વિરામ

**તા. ૨૫-૦૯-૨૦૨૬, શુક્રવાર** ના રોજ સ્વૈચ્છીક વિહાર, સાંજે અયોધ્યાથી અંજાર રવાના

**તા. ૨૭-૦૯-૨૦૨૬, રવિવાર** ના રોજ સવારના ભાગે અંજાર સકુશળ આગમન

**નોંધ :** જે કોઈ વ્યક્તિ કચ્છ બહારથી આવવાના હોય તેમણે **શ્રી પ્રભુલાલભાઈ શિવજીભાઈ ચાવડા- અંજાર**નો સંપર્ક કરવાનો રહેશે.

**:: સંપર્ક સુત્ર ::**

શ્રી પ્રભુલાલ શિવજીભાઈ ચાવડા– અંજાર મો. ૯૪૨૮૮૯૮૪૧૧    શ્રી આશિષભાઈ મહેન્દ્રભાઈ ચૌહાણ – અંજાર મો. ૯૭૧૨૮૮૪૨૪૨

**બદ્રીનાથ ગ્રુપ - અંજાર**



સ્વ. અનિલભાઈ કે. ટાંક
કથાના પ્રેરણા સ્ત્રોત



કનકસિંહ એચ. પઢીયાર
મો. ૯૫૮૬૬૨૩૨૯૦



પ્રભુલાલ એસ. ચાવડા
મો. ૯૪૨૮૮૯૮૪૧૧



રમેશભાઈ કે. ટાંક
મો. ૯૮૨૫૮૫૭૬૫૨



હિમ્મતલાલ પી. રાઠોડ
મો. ૯૮૭૯૦૦૭૯૧૮



આશિષભાઈ એમ. ચૌહાણ
મો. ૯૭૧૨૮૮૪૨૪૨

**સર્વે શન્તુ નિરામયાની પ્રાર્થના સાથે સૌ ભક્તજનોને અમારા જય બદ્રી વિશાલ**

॥ સા વિદ્યા યા વિમુક્તયે ॥ ચેરીટી ટ્રસ્ટ નં. એફ-૨૯ (કચ્છ)

## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કેળવણી મંડળ

સંચાલિત

# રાયબહાદુર શ્રી જગમાલભાઈ રાજાભાઈ ચૌહાણ વિદ્યાર્થી ભવન - ભુજ



કેળવણી મંડળના પ્રમુખ ડૉ. મનોજભાઈ પી. સોલંકીના માર્ગદર્શન હેઠળ કચ્છના પાટનગર ભુજ મધ્યે પ્રાઈમ લોકેશન અને વિવિધ શૈક્ષણિક સંકુલોની નજીક આપણા સમાજનું વિદ્યાર્થી ભવન કાર્યરત છે. આવાસ અને ભોજનની સંપૂર્ણ સુવિધાઓથી સજ્જ આ વિદ્યાર્થી ભવનનો નિમ્નદર્શિત ઉદ્દેશોથી લાભ લેવા સર્વે વિદ્યાર્થીઓ અને સમાજબાંધવોની વિનંતી છે.

### :: શૈક્ષણિક અને સેવાકિય સુવિધાઓ ::

- હાઈસ્કુલથી આઈ.ટી.આઈ., ડિપ્લોમા, ગ્રેજ્યુએશન, એન્જીનિયરીંગ, મેડિકલ અને અન્ય વ્યવસાયલક્ષી શિક્ષણ મેળવવા ઈચ્છુક છાત્રોને ફીના ખુબજ વ્યાજબી દરે પ્રવેશ આપવામાં આવે છે.
- સરકારી કે બિન સરકારી સંસ્થા કે સમુહને મંડળના નિતી-નિયમોને આધિન રોજગારલક્ષી તાલીમ કે સેમીનારનું આયોજન કરવા દેવામાં આવે છે. સમાજની વિશિષ્ટ પ્રતિભાઓ સાથે સંવાદ કરી તેમને માણવામાં આવે છે.
- અભ્યાસ માટે ઈન્ટરશીપ કે નોકરી કરતા ભાઈઓને સંસ્થા દ્વારા નિયત કરેલ દરે અને યોગ્ય ભલામણના આધારે પ્રવેશ આપવામાં આવે છે.
- આર્થિક રીતે નબળા છાત્રોને સત્ર ફી, શૈક્ષણિક સાધનો અને અન્ય પ્રકારની જરૂરીયાતોને દાતાશ્રીની મદદથી પરિપૂર્ણ કરવામાં આવે છે.
- સામાજીક અને પારિવારિક પ્રસંગો માટે વ્યાજબી અનુદાનથી સંકુલ ઉપયોગમાં લેવાની વ્યવસ્થા છે.
- અનુકુળતા અને ઉપલબ્ધતા મુજબ બહાર ગામથી આવતા સમાજબાંધવોને રોકાણ માટેની વ્યવસ્થા કરવામાં આવે છે.

### :: શૈક્ષણિક અને સેવાકિય સુવિધાઓ ::

(૧) સરકારી આઈ.ટી.આઈ., મુન્દ્રા રોડ
(૨) આર.આર. લાલન કોલેજ, મિરઝાપર રોડ (વિજ્ઞાન અને સામાન્ય પ્રવાહ)
(૩) જે.બી. ઠક્કર કોમર્સ કોલેજ (વાણીજ્ય પ્રવાહ)
(૪) ડી.એલ. લો કોલેજ (કાનુની પ્રવાહ)
(૫) એચ.જે.ડી. એન્જી. કોલેજ, કેરા
(૬) ચાણક્ય કોલેજ
(૭) અદાણી ગેઈમ્સ મેડિકલ કોલેજ
(૮) સરકારી એન્જીનિયરીંગ કોલેજ
(૯) પોલિટેકનીક કોલેજ
(૧૦) કચ્છ યુનિવર્સિટી, મુન્દ્રા રોડ
(૧૧) લેવા પટેલ નર્સિંગ કોલેજ
(૧૨) સંસ્કાર ઈન્સ્ટીટ્યુટ

### :: સંપર્ક સુત્રો ::

**વિનોદભાઈ એલ. ચૌહાણ**
ઉપપ્રમુખ, ક.ગુ.ક્ષ. કેળવણી મંડળ
મો. ૯૮૭૯૧૫૦૧૧૩

**દિપકભાઈ એન. ચૌહાણ**
પ્રમુખ, ભુજ ભવન
મો. ૯૮૭૯૨૦૮૬૬૨

**ઉમંગભાઈ એમ. પરમાર**
મંત્રી, ભુજ ભવન
મો. ૮૨૦૦૭૯૨૯૩૦

# ‘માવતર’

માવતર તો આપણું રૂડું હોય,
લાડે કોડે ઉછેર્યું હોય.
યોગ્ય સમયે પરણાવી દીધી,
સાસરામાં મોકલાવી દીધી.
સાસરે તો આવી છઉં,
માવતરને કેમ ભુલી જાઉં ?
યાદ આવે માની મમતાને દુલાર રે,
ને ભુલતો નથી પિતાનો વ્હાલ રે.
કેમ ભુલાય ભાઇનો હેત રે,
ભુલાતી નથી બહેનની માયા રે.
હું તો વિચારોમાં ખોવાઇ ગઇ,
મનખ માવતરે જ પહોંચી ગઇ.
સાસરામાં કુટુંબ કબીલો હોય,
પણ માવતરની ઉણપ જણાતી હોય.
માવતરમાં આખું ફળીયું આપણું જ હોય,
રમવું, જમવું, એ ક્યાંય પણ થતું હોય.
માવતરના ગામનું કોઇ પણ દેખાય,
મન આનંદ વિભોર થઇ જાય.
માવતર એટલે દૂધની મલાઇ,
ભાઇ-ભાભીના રાખડીથી બંધાઇ.
માં થી માવતર શોભે,
સાસુ થી સાસરૂં શોભે.
માં સંસ્કાર આપી દિકરીને વળાવે છે,
સાસુમાં ઘરની રીતભાત શીખવાડે છે.
જો બન્ને માંના ગુણો અપનાવશો,
તો જીવન સંતોષીને આનંદી બની જશે.
જીવન ખુશમ ખુશ થઇ જશે.



સૌ. અરૂણા વિ. યાદવ
પુના
મો. ૯૯૨૨૪૪૬૧૨૬

# અનંતની યાત્રાએ...

અંજાર (ખંભરા) નિવાસી ગં.સ્વ. ગૌરીબેન દયારામભાઇ ટાંક (ઉ.વ.૬૪)નું તા. ૧૯-૦૩-૨૦૨૬ના રોજે અવસાન થયેલ છે.

અંજાર નિવાસી શ્રી કિરણભાઇ સુર્યકાન્તભાઇ વેગડ (ઉ.વ.૬૦)નું તા. ૧૭-૦૪-૨૦૨૬ના રોજે અવસાન થયેલ છે.

ચંદિયા નિવાસી શ્રી પોપટલાલ વાલજીભાઇ ચાવડા (ઉ.વ.૯૨)નું તા. ૨૭-૦૩-૨૦૨૬ના રોજે અવસાન થયેલ છે.

બાલેશ્વર (ઓડીશા) (નાગોર) નિવાસી શ્રીમતી જુહિતાબેન નિલેશભાઇ ચૌહાણ (ઉ.વ.૪૦)નું તા. ૨૦-૦૩-૨૦૨૬ના રોજે અવસાન થયેલ છે.

ગાંધીધામ (માધાપર) નિવાસી ગં.સ્વ. પ્રેમકુંવરબેન મોતિલાલભાઇ રાઠોડ (ઉ.વ.૯૬)નું તા. ૧૭-૦૪-૨૦૨૬ના રોજે અવસાન થયેલ છે.

જમશેદપુર (હાજાપર) નિવાસી શ્રી જીતેશભાઇ નગીનભાઇ ટાંક (ઉ.વ.૪૦)નું તા. ૮-૪-૨૦૨૬ના રોજે અવસાન થયેલ છે.

કોલકાતા (ખંભરા) નિવાસી શ્રીમતી શશીબેન અજયભાઇ રાઠોડ (ઉ.વ.૬૨)નું તા. ૦૮-૦૪-૨૬ના રોજે અવસાન થયેલ છે.

બાલાઘાટ (અંજાર) નિવાસી ગં.સ્વ. રતનબેન રામજીભાઇ જેઠવા (ઉ.વ.૧૦૧)નું તા. ૦૩-૦૪-૨૬ના રોજે અવસાન થયેલ છે.

**તમારા નાણાકીય લક્ષ્યોને પ્રાપ્ત કરવા**

SEBI પ્રમાણિત
યોગ્ય નાણાકીય સાધનોમાં લાંબા સમય
માટે રોકાણ હેતુ
કૃપયા અમારો સંપર્ક કરો...

**અમિત ગોપાલ ચૌહાણ**
AMFI પ્રમાણિત મ્યુચ્યુઅલ ફંડ ડિસ્ટ્રીબ્યુટર
ARN - 290170
અંજાર (કચ્છ)
:: Contact ::
8401482462, 8866933113




Movement that inspires

## RATHOD KIA

**(3S-Sales, Service, Spares)**

Survey No. 916, 1496, Balitha, Vapi- 396191

TOYOTA

## RATHOD TOYOTA

**(3S-Sales, Service, Spares)**

**Vapi :** Survey No. 315/1, N.H.No.48,
Balitha, Vapi.
**Navsari :** Block No. 1064, Opp. Sai Mandir
Sisodra Ganesh, Navsari.







croma

in-store | online | mobile

India's leading Consumer Durables and
Electronics (CDE) retailer

## Rathod Chambers

Daman Road, Chala, Vapi- 396191

SANDY RESORT

Devka Beach, Daman - 396210
Mail : info@sandyresort.com
Website : www.sandyresort.com
Phone : 9727 223333




## Late **Amritlal V. Rathod**

Nitin A. Rathod - 9898 907750
Rajen A. Rathod - 9898 907744
Ashok A. Rathod - 9898 907740
Ashish A. Rathod - 9898 907747

**Residence : Rathod House, Near Tapi complex, Udwada (RS) Dist. Valsad, Gujarat - 396 185.**

# રાષ્ટ્રીય સ્તરે ઉત્તમ પાત્રની પસંદગી માટે મંગલ પાત્ર પરિચય



## Mayank Chawda

Date of Birth : 11th May 1991
Time of Birth : 1:12 pm
Place of Birth : Kagaznagar, Telangana, India
Curr. Resi. : Toulouse, France
Resi. Status : Permanent Resident of France
Gotra : Kashyap
Kuldevi : Shree Chamunda Maa - Chandiya
Rashi : Leo (Simha Rashi)
Height : 6'2" (188 cm)
Languages : English, French, Gujarati, Hindi,Telugu
Education : Master's in Aerospace Engineering & Management, IMT Mines-Albi, France
Occupation : Sr. Mechanical & Physical Engineer
Organization : Caphemini Engineering
Specialization : Project Management
**Father** : **Mr. Shailesh Chawda** (Businessman)
**Mother** : **Mrs. Neeta Chawda** (Teacher)
**Brother** : **Vatsal Chawda** (Pursuing Hospital Mgmt. in Canada)
Family Resi. : Kagaznagar, Telangana (India)
**Contact Info. : +91 8897779988**
**+91 9440388926**



## Viral Varu

Date of Birth : 20/09/1989, 02:20 am
Height : 5'10" (178 cm)
Place of Birth : Mithapur
Rashi : Tarus (Vrishabha)
Gotra : Valmiki
Complexion : Wheatish
Blood Group : O+
Education : MBA (Finance) Mumbai
Business : Savan Dal Pakwan, Gota, Ahmedabad
Present Loc. : Ahmedabad (Gujarat)
**Father : Jayantilal Vaghjibhai Varu**
(Vice President K.G.S. Samaj Dwarka)
Father's Occp. : Fastfood Business
**Mother : Dhangauriben Jayantibhai Varu**
Homemaker
**Sister : 2, both are married**
**Brother : 1, Elder - Married**
Kuldevi : Shree Chaval Maa (Hajapar-Kutch)
Dada : Dhaneti (Kutch)
**Contact No. : +91 93759 69073**
Address : Mahaveer Society,
Opp. Hanuman Temple,
New Aarambhada, Mithapur

# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



## અ.નિ. મહેન્દ્રભાઈ નાનાલાલ ચૌહાણ (ઉ.વ.૮૫)

**જન્મ તા. ૧-૦૯-૧૯૪૦ સ્વ. તા. ૦૯-૦૨-૨૦૨૬**

**દેશમાં ગામ : કુંભારિયા, હાલ મુકામ : થાણે (મુંબઈ)**

---

ચંદનની જેમ જીવનમાં આરંભથી અંત સુધી માનવતાની મહેક ફેલાવી, કુટુંબ વત્સલ, પ્રબળ પુરૂષાર્થી, ધર્મભાવના, જીવન આખું ધર્મમાં ગયું, તેને મોક્ષ શું કાચા તણો. આપની અણધારી વિદાયથી પરિવારમાં ન પુરાય તેવી ખોટ પડી છે. પરિવાર તથા કુટુંબમાં હંમેશા પ્રેમ, સંપ, સુમેળ તથા સ્વધર્મ જળવાઈ રહે એ માટે હંમેશા બધાને સાંકળતા રહ્યા. સંપ્રદાય માટે આપની અડગ નિષ્ઠા, સેવા, ધર્મપરાયણતા અનુકરણીય રહેશે. પરમકૃપાળુ પરમાત્મા શ્રીહરિ સદ્‌ગતને પોતાની દિવ્ય મૂર્તિનું અખંડ સુખ આપે એવી શ્રીજી મહારાજના શ્રીચરણોમાં પ્રાર્થના...

**:: શોકમગ્ન પરિવારજનો ::**

અ.નિ. નાનાલાલ અમરસિંહ ચૌહાણ
અ.નિ. મણીબેન નાનાલાલ ચૌહાણ
દિલીપભાઈ નાનાલાલ ચૌહાણ - ભાઈ
હેમાંગીની દિલીપભાઈ ચૌહાણ
નંદકિશોર નાનાલાલ ચૌહાણ - ભાઈ
અ.નિ. હિમાંશુભાઈ નાનાલાલ ચૌહાણ - ભાઈ
ગં.સ્વ. ભાવનાબેન હિમાંશુ ચૌહાણ
જયંતભાઈ નાનાલાલ ચૌહાણ - ભાઈ
સ્મિતાબેન જયંતભાઈ ચૌહાણ

ગં.સ્વ. પુષ્પાબેન મહેન્દ્રભાઈ ચૌહાણ - પત્ની
અ.નિ. અનામિકા વિમલ ચૌહાણ - પુત્રી
વિમલ વિશ્રામ ચૌહાણ - જમાઈ
નિરવ મહેન્દ્ર ચૌહાણ - પુત્ર
પ્રીતિ નિરવ ચૌહાણ - પુત્રવધુ
મીહિકા નિરવ ચૌહાણ - પૌત્રી
કેયા વિમલ ચૌહાણ - દોહિત્રી
અરમાન વિમલ ચૌહાણ - દોહિત્ર

અ.નિ. જયશ્રીબેન કેશવલાલ રાઠોડ - બહેન-બનેવી
ગીતાબેન મોહનલાલ ટાંક - બહેન-બનેવી
ઉષાબેન ખીમજીભાઈ યાદવ - બહેન-બનેવી
મનિષ દિલીપ ચૌહાણ - ભત્રીજા
જીતેન્દ્ર દિલીપ ચૌહાણ - ભત્રીજા
પલ્લવી જીતેન્દ્ર ચૌહાણ - ભત્રીજા-વહુ
દેવાંશી જીતુભાઈ યાદવ - ભત્રીજી-જમાઈ
માનસી સિદ્ધાર્થ કાપડિયા - ભત્રીજી-જમાઈ
રેયાંશ જીતેન્દ્ર ચૌહાણ

:: Home Address ::

1D-1403, Siddhanchal Phase 6, Vasant Vihar, Thane. M# : 9819936355, 9323799738, 9930730610

# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



## સ્વ. મુકુન્દલાલભાઈ નારાયણભાઈ ચૌહાણ

**જન્મ તા. ૨૭-૦૬-૧૯૪૪ સ્વ. તા. ૧૦-૦૩-૨૦૨૬**

**મુળ ગામ : દેવળીયા, હાલ મુકામઃ બનઈગઢ (રાઉરકેલા-ઓડિશા)**

---

**નૈનં છિન્દન્તિ શસ્ત્રાણિ નૈનં દહતિ પાવકઃ । ન ચૈનં ક્લેદયન્ત્યાપો ન શોષયતિ મારૂતઃ ।।**

અંજલી માટે શબ્દો ઓછા પડે છે, પુષ્પાંજલી માટે પુષ્પો ઓછા પડે છે, આંખો હજુ નિહાળે છે, અંતર હજુ પોકારે છે.

આપનું અસ્તિત્વ આજે અમારી વચ્ચે નથી પરંતુ આપશ્રીનો કુટુંબ પ્રત્યેના પ્રેમ અને સ્નેહીઓ પ્રત્યેનો સ્નેહ હંમેશા હૈયે રહેશે. વૈકુંઠધામથી તેડું આવ્યું, આકાશ માટે વિલીન થયું, ઉમંગો અને આશાઓ હતી, પંચભુતમાં બધું સમાઇ ગયું, કર્મઠ જીવન શાંત થયું, દરેક પ્રસંગે ખટકશે અમોને તમારી યાદી. પ્રભુ પાસે ન ચાલ્યું કોઇનું જોર, તમે ચાલ્યા સ્વર્ગની ઓર. પરમપિતા પરમેશ્વર આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના... ૐ શાંતિ... શાંતિ... શાંતિ...

**:: શોકમગ્ન પરિવારજનો ::**

| | |
|---|---|
| ગં.સ્વ. પ્રભાબેન મુકુન્દભાઈ ચૌહાણ | પત્ની |
| શ્રીમતી રાજેશ્રીબેન દિપકભાઈ ચૌહાણ | પુત્રવધુ-પુત્ર |
| શ્રીમતી સીમાબેન કલ્પેશભાઈ ચૌહાણ | પુત્રવધુ-પુત્ર |
| શ્રીમતી કાવ્યાબેન અમનભાઈ ચૌહાણ | પૌત્રવધુ-પૌત્ર |
| કુમારી વિધી કલ્પેશભાઈ ચૌહાણ | પૌત્રી |
| શુભમકુમાર દિપકભાઈ ચૌહાણ | પૌત્ર |
| લવિશા અમનભાઈ ચૌહાણ | પરપૌત્રી |
| ગં.સ્વ. નુતનબેન સ્વ. દિપકભાઈ ચાવડા - ગોંદિયા | પુત્રી-જમાઈ |
| જુલી (જાહન્વી)બેન નિષિતભાઈ રાઠોડ - હૈદ્રાબાદ | પુત્રી-જમાઈ |

**તથા સમસ્ત ચૌહાણ પરિવાર**

# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



જન્મ તા. ૧૫/૦૬/૧૯૫૩ — સ્વ. તા. ૧૦/૦૩/૨૦૨૬

## સ્વ. શ્રી હરીશભાઈ નરશીભાઈ ચાવડા

દેશમા ગામ : ચંદિયા હાલ મુકામ : ચંદ્રપુર (મહારાષ્ટ્ર)

न जायते म्रियते वा कदाचि - न्नायं भूत्वा भविता वा न भूयः ।
अजो नित्यः शाश्वतोऽयं पुराणोन हन्यते हन्यमाने शरीरे ॥ (2/27)

અંજલિ માટે શબ્દ ઓછો પડે છે, પુષ્પાંજલિ માટે પુષ્પો ઓછા પડે છે, આંખો હજુ નિહાળે છે તમને, અંતર હજુ પુકારે છે તમને, તમારી હસતી તસ્વીર જોઈ તમારુ સ્મરણ આવે છે.
આપનુ સાદગીભર્યુ જીવન,ઉચ્ચ વિચારો, માયાળુ સ્વભાવ અને જીવન એવું જીવ્યા કે જોનારા જોયા કરે, કર્મ એવા કર્યા કે સૌના હ્રદયમા ગુંજ્યા કરે, આપ પરોપકારી કાર્યો કરી જીવન ધન્ય બનાવી ગયા.
પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્મા ને પરમ શાંતિ આપે, એજ પ્રાર્થના...
ઓમ શાંતિ... શાંતિ... શાંતિ...

### શોકમગ્ન પરિવાર

ગં. સ્વ. અનુસયાબેન હરીશભાઈ ચાવડા (પત્ની)

| | |
|---|---|
| હેમંતભાઈ નરશીભાઈ ચાવડા (ભાઈ) | સ્વ. મધુબેન હેમંતભાઈ ચાવડા |
| કોમલભાઈ નરશીભાઈ ચાવડા (ભાઈ) | જ્યોતિબેન કોમલભાઈ ચાવડા |
| સ્વ. ભુપેન્દ્રભાઈ નરશીભાઈ ચાવડા (ભાઈ) | ગં. સ્વ. અલ્કાબેન ભુપેન્દ્રભાઈ ચાવડા |
| તૃષાલભાઈ હરીશભાઈ ચાવડા (પુત્ર) | સ્મિતાબેન તૃષાલભાઈ ચાવડા (પુત્રવધુ) |
| દિલેશભાઈ હરીશભાઈ ચાવડા (પુત્ર) | કલ્પાબેન દિલેશભાઈ ચાવડા (પુત્રવધુ) |
| સૌરભભાઈ પુરુષોત્તમભાઈ ટાંક (જમાઈ) | રૂચિતાબેન સૌરભભાઈ ટાંક (દિકરી) |
| નયનભાઈ લલિતભાઈ ચાવડા (જમાઈ) | હિમાંશીબેન નયનભાઈ ચાવડા (દિકરી) |

આપની ફુલવાડી ના પુષ્પો : વેદાંત, દીર્ઘ, દક્ષ, લવ, ક્યારા, વેદિકા.

તથા સમસ્ત ચાવડા પરિવાર

# ચતુર્થ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



## સ્વ. શ્રીમતી સુશીલાબેન શિવજીભાઈ ચૌહાણ

| જન્મ | સ્વર્ગવાસ |
|---|---|
| ૧૭-૦૮-૧૯૪૩ | ૨૫-૦૫-૨૦૨૨ |

મુળ ગામ : નાગોર, હાલ મુકામ : નાગપુર

अन्तकाले च मामेव स्मरन्मुक्त्वा कलेवरम्।
यः प्रयाति स मद्भावं याति नास्त्यत्र संशयः॥८.५॥

જે મનુષ્ય અંતકાળે પણ મારૂં જ સ્મરણ કરતા શરીરનો ત્યાગ કરે છે તે સાક્ષાત મારા સ્વરૂપને પ્રાપ્ત કરે છે એમાં કોઈ સંશય નથી.

આપને શ્રદ્ધાસુમન અર્પણ કરતાં અમારૂં હૃદય ભરાઈ જાય છે. આપનું કર્તવ્યપરાયણ જીવન, વાત્સલ્યમયી, સંતોષી, સેવાભાવી સ્વભાવ પરિવાર પ્રતિ અનન્ય પ્રેમભાવ, તમારી પ્રેમભરી છત્રછાયા અમે ગુમાવી છે. પણ તમે જે સંસ્કારોનું સિંચન અમારા જીવનમાં કર્યું છે એ અમારું પથદર્શન કરતું રહેશે. પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય અને પવિત્ર આત્માને શાશ્વત શાંતિ આપે એજ પ્રાર્થના...

:: શોકમગ્ન પરિવારજનો ::

| | |
|---|---|
| સ્વ. શિવજીભાઈ વિરાભાઈ ચૌહાણ | (પતિ) |
| પ્રતિમાબેન ભરતભાઈ મારૂ - બિલાસપુર | (દિકરી-જમાઈ) |
| નીતાબેન દિનેશભાઈ રાઠોડ - રાયપુર | (દિકરી-જમાઈ) |
| સ્વ. છાયાબેન દિનેશભાઈ પરમાર - પરલી | (દિકરી-જમાઈ) |
| રીતાબેન સ્વ. સંદીપભાઈ ચૌહાણ - પુના | (દિકરી-જમાઈ) |
| ઈન્દિરાબેન પ્રશાંતભાઈ ચૌહાણ - નાગપુર | (પુત્રવધુ-પુત્ર) |

વિનિત

| | |
|---|---|
| યથાર્થ પ્રશાંતભાઈ ચૌહાણ | (પૌત્ર) |

**તથા સમસ્ત ચૌહાણ પરિવાર**


આપણા સમાજના સર્વે ભાઈઓ અને બહેનો માટે

**સુવર્ણ તક**

ભગવાન શ્રીમહાકાલની નગરી અને ભવ્ય તીર્થસ્થળ ઉજ્જૈન પધારતા દરેક સમાજજનો માટે અમારી હોટેલમાં

**ખાસ ૨૦% ડિસ્કાઉન્ટ**

ની સુવિધા ઉપલબ્ધ છે.
આ પાવન અવસરનો લાભ લઈ અમને સેવાનો અવસર આપશો.

**HOTEL Shrimmaya GROUP UJJAIN**

Freeganj, Ujjain (M.P.) ☎ 0734 2514402 📞 +91 79998 90676
Email : shrimmaya@outlook.com www.shrimmaya.com


**અન્ય વિશેષ સેવાઓ**


- દરેક પ્રકારની પૂજા-પાઠ
- મંગલ દોષ નિવારણ પૂજા / કાલસર્પ દોષ પૂજા
- ભસ્મ આરતી તથા અભિષેક દર્શન
- ઉજ્જૈન દર્શનની સુવિધા પણ ઉપલબ્ધ

ભગવાન શ્રીમહાકાલની કૃપા સર્વે પર વરસતી રહે









**Shrimm Tours & Travels**

- International & Domestic Packages
- Flight, Cruise & All Ticketing
- MICE & Foreign Education
- All Country VISA & Forex

📞 +91 99933 60753 ☎ 0734 42530174
www.shrimmaya.com Email : travels.mp@shrimmaya.com



Surbhi Uniforms
Mundra's first professional uniform manufacturer catering to all types of industrial, corporate, school and hospitality uniforms with precision and quality.
HARI GADHVI
+91-88499 50576
Email : info@surbhiuniforms.com
Web : www.surbhiuniforms.com
Surbhi uniforms
Surbhi Hotel
A legacy of serving with the highest regard for quality and comfort since 2007. Offering luxury with convenience, Hotel Surbhi is Mundra's premier choice for business and leisure stays.
Hotel Surbhi™ The Relief Home
HOTEL SURBHI
+91-99796 70996
Email : info@hotelsurbhi.com
Web : www.hotelsurbhi.com
Saarvin Custom Clearance
Licensed custom's broker at Mundra port facilitating smooth and hassle free import and export cargo operations.
NIGAM CHAVDA
+91-99208 43135
Email : saarvincc@gmail.com
SAARVIN
CUSTOM CLEARANCE
Gayatri estate
Gayatri Estate
Your Real Estate Dreams, Under One Roof. With a legacy since 1998, Gayatri Estate is Mundra's premier real estate developer and realtor. From residential projects to commercial spaces, we deliver trust, transparency, and timeless value.
NISHANT CHAVDA
+91-81419 06635
SURBHI GROUP OF COMPANIES
B.D. CHAVDA & FAMILY - MUNDRA KUTCH



*आत्मिय प्रियजन,*

मैं आपका किमती समय लेना चाहता हु मेरा परिचय देने हेतु, मेरा नाम *मितेष जे. खोडियार* है। मैं अल.आई.सी., मेडीक्लेम एवं जनरल बीमा पोलीसी के माध्यम द्वारा बचत करना, बच्चो की उच्च शिक्षा हेतु बचत, रीटार्यमेन्ट पेन्सन का आयोजन एवं इनकम टेक्समे लाभ हेतु लोगो की और उनके परिवारजनोकी मदद करता हु। मैं पिछले 15 वर्षो से लगभग 1800 जीतने लोगो की और उनके परिवारजनोकी मदद करता आया हु। जिसकी S.A.U.M 48 Cr. से अधीक है। मैं मेरे अनुभव द्वारा अपने समाजके लोगो का भविष्य सुरक्षीत करना चाहता हु। कृप्या मुजे आपकी सेवा का अवसर प्रदान करने का मोका दे।

**भविष्य सुरक्षा हेतु सुझाव**

- संपूर्ण परिवार सुरक्षा बीमा
- स्वास्थ बीमा केशलेश सुविधा के साथ
- जिवनभर आय की बचत योजना
- बच्चो की उच्च शिक्षा और विवाह कि बचत योजना
- स्पेश्यल कन्यादान बीमा योजना
- पेन्शन बीमा बचत योजना
- वाहन, मकान एवं दुकान का बीमा
- करोड़पति योजना
- विदेश यात्रा बीमा

*घर बेठे आनलाईन, पेपरलेश, टाईमलेश बीमा पोलीसी की सेवा अपलब्ध है।**

FINANCIAL PEACE PRODUCER
TRANSFORMING STRESS IN TO PEACE

LIC
भारतीय जीवन बीमा निगम
LIFE INSURANCE CORPORATION OF INDIA

MDRT®

Insurance for NRI & FNIO*

STAR Health Insurance — HDFC ERGO Take it easy! — IFFCO-TOKIO General Insurance Muskurate Raho

Subscribe to my YouTube

Plot No. 104/1, Chitrakut Society, Anjar (Kutch) 370110. +91 94298 15099 mitesh.khodiar@gmail.com
Facebook.com/insurancebimapolicy insurance_bima_policy YouTube @InsuranceBimaPolicy
Jd Mitesh J. Khodiar Gandhidham

|| ઓમ શાંતિઃ ||

# ભૂમિપૂજા એસ્ટેટ એજન્સી

**લેન્ડ ડેવલોપર્સ એન્ડ એસ્ટેટ એજન્ટ**

જમીન, વાડી, પ્લોટ, બંગલા લે-વેંચ માટે વિશ્વાસપાત્ર સ્થળ

કચ્છ જીલ્લાના કોઈપણ તાલુકામાં જમીન મળી શકશે



**બ્રહ્માકુમાર બાબુલાલભાઈ અરજણભાઈ પરમાર**
(ખંભરા)


ઉપપ્રમુખશ્રી, શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

Mob. 98252 97341

ઓફીસ : વિજયનગર, હોસ્પિટલ રોડ, ભુજ (કચ્છ) ફોન : Mo. 9537738640 (Deep)



Lighten Up Your Life...
Anil Khodiyar
+91 98252 36151
Sumeet Khodiyar
+91 98791 95121
Jigar Khodiyar
+91 98794 04009
Khodiyar Engineering Works
Urja Engineering Company
Perfect Power System
Unique Power System
Electrical Contractors | Consultants | Engineers
Khodiyar Group
Mfrs. Of : PCC, MCC, APFC, AMF, VFD, LDB, DG SET, ATS & Solar Panels
Authorised Importer
TENSE®
ELEKTRİK - ELEKTRONİK SAN. TİC. A.Ş.
LS ELECTRIC
APFC PANEL
Authorised Distributor
C&S electric
RR KĀBEL
Schneider Electric
socomec
Innovative Power Solutions
atandra
measure. protect. conserve
KRYKARD
Office & Works :- Shed No. L-46, 47, 48 & M-49, 50, G.I.D.C., Gandhidham (Kutch) 370201 Gujarat, India.
info@urjaengg.com, jigar@urjaengg.com
www.urjaengg.com


Helping India
Invent the future
BRAHMOS
UNITRON
The Instrumentation People
UNITRON INSTRUMENTATION PVT. LTD
The leading Suppliers of Scientific and Material Testing Equipments in India.
Our major customers are Aerospace, Aeronautics, Automotive, Semiconductor,
Steel, Foundry & Forge, Surface Coating Industry and Materials Research.
Vipin Rathod
Managing Director
Head Office:
127/34, 7th Cross, 4th Main Road, Wilson Garden, Bangalore-560027
Tel: (080) 2227 5369, 2210 3752 Fax: (080) 2224 4717
Branch Offices : Chennai, Delhi(Gurgaon), Pune
Email- info@unitron.in
Web: www.unitron.in

SETU SAMAJ SANDESH - RNI NO. GUJ GUJ / 2008/25938
Postal Registration No. G-KCH-185/2026-2028 Posted at S.O. BHUJ on 2nd of Every Month.
Published on May-2026

॥ જય સીયારામ ॥



# 'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી પરિવાર
# SHREE RAM GROUP OF INDUSTRIES

## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કન્યા છાત્રાલય – કુકમા (કચ્છ)

ટ્રસ્ટ રજી. નં. ૧૧૭૪ (કચ્છ) સ્થાપના : તા. ૩૦/૭/૧૯૯૪) પો. કુકમા (તા. ભુજ–કચ્છ) ૩૭૦૧૦૫, ફોન નં. (૦૨૮૩૨) ૨૭૧૩૫૪

આપના દાનની રકમ બેંક ઓફ બરોડા - માધાપર એકાઉન્ટ નં. 09460100003842 IFSC Code : BARB0KUKMAX માં જમા કરાવી શ્રી મોહનલાલ કુંવરજી ચૌહાણ મો. 9427767810 ને છાત્રાલયના સરનામે જાણ કરવાથી રસીદ મોકલી આપવામાં આવશે.

PAN NO. AABTS 4600 B

**દાન માટે અપિલ :-**

રૂા. ૫૦,૦૦૦/- કે તેથી વધુ દાન આપનાર મુરબ્બી દાતાશ્રી
રૂા. ૧૦,૦૦૦/- કે તેથી વધુ દાન આપનાર શુભેચ્છા દાતાશ્રી
રૂા. ૫,૦૦૦/- કે તેથી વધુ દાન આપનાર આશ્રય દાતાશ્રી
રૂા. ૪,૦૦૦/- નું દાન આપનાર પુણ્ય સ્મૃતિ ભોજન દાતાશ્રી તથા ખુશાલી ભોજન દાતાશ્રી
રૂા. ૨,૦૦૦/- નું દાન આપનાર આજીવન સભ્યશ્રી

આપનું દાન ૮૦-જી (૫) મુજબ આવકવેરા મુક્તિને પાત્ર છે

શ્રી ક.ગુ.ક્ષ. કન્યા છાત્રાલયમાં અભ્યાસ કરવા આવનાર તમામ કન્યાઓને કન્યા છાત્રાલય તથા મહાસભાના આદ. પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી પરિવારના સૌજન્યથી નિઃશુલ્ક પ્રવેશ આપવામાં આવશે.

**આપના વિનમ્ર**

'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પી. સોલંકી - પ્રમુખ
શ્રી જેઠાલાલ પી. પરમાર - ચેરમેન
શ્રી પ્રફુલ્લચંદ્ર કે. ટાંક - સલાહકાર પ્રમુખ
શ્રી રમેશચંદ્ર આર. ચૌહાણ - મંત્રી
શ્રી વિનોદભાઈ એલ. ચૌહાણ - ઉપપ્રમુખ
શ્રી વિનોદભાઈ કે. પઢિઆર - ઉપપ્રમુખ
શ્રી પ્રભુલાલ પી. પરમાર - ઉપપ્રમુખ
શ્રી મોહનલાલ કે. ચૌહાણ - માનદ્ વ્યવસ્થાપક
શ્રી રસીકલાલ પી. ચૌહાણ - સહમંત્રી
શ્રી ઉમંગભાઈ એમ. પરમાર - સહમંત્રી
શ્રી અનિલભાઈ ડી. ચૌહાણ - કોષાધ્યક્ષ
શ્રીમતી અનસુયાબેન જે. પરમાર - સહ વ્યવસ્થાપક

માલિક અને પ્રકાશક : પ્રમુખ શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી, જુનાવાસ, મેઈન બજાર, પો. માધાપર, તા. ભુજ (કચ્છ), માનદ્ તંત્રી શ્રી ડૉ. મનોજભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી, ચિંતન ફાર્મ, પો. કુકમા, તા. ભુજ (કચ્છ) મો. ૯૮૭૯૯૨૮૧૦૦ વતીથી, ગાયત્રી ગ્રાફીક્સ - અંજાર ખાતે તૈયાર કરાવી, મુદ્રક : શ્રી હરિ ઓફસેટ - ફર્સ્ટ ફ્લોર, નરનારાયણ ચેમ્બર, સ્ટેશન રોડ, ભુજ (કચ્છ) ફોન : (૦૨૮૩૨) ૨૨૬૦૦૭ ખાતે છાપ્યું અને એસ.ઓ. પોસ્ટ ઓફીસ : ભુજથી પ્રસિદ્ધ કર્યું.